Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

( રાજકોટ–મહોત્સવનો સચિત્ર અહેવાલ આ અંકમાં રજુ થાય છે. )

દંસણ મૂલો ધમ્મો

# આત્મધર્મ


આત્માર્થીતા

વાત્સલ્ય

દેવગુરુધર્મની સેવા

"ज्ञातार विश्वतत्त्वानां वन्दे तद्गुणलब्धये"

જેઠ : ૨૪૯૧, JUNE 1965, વર્ષ : ૨૨, અંક : ૮, વાર્ષિક લવાજમ રૂા. ૪-૦૦



પૂ. ગુરુદેવ રાજકોટ મંદિરમાં અતિશય ભક્તિપૂર્વક
સીમંધરનાથના દર્શન કરી રહ્યા છે ( ચૈત્ર સુદ ૧૩ ).

તંત્રી : જગજીવન બાવચંદ દોશી

૨૬૦

# ધન્ય અવતાર



૭૬ મા જન્મોત્સવ પ્રસંગે ૭૬ દીપકથી ઝગમગતા ૭૬ પ્રવેશદ્વાર
વચ્ચે થઈને પૂ. ગુરુદેવ મંડપમાં પધાર્યા... ને હજારો ભક્તોએ
જન્મોત્સવની મંગલ વધાઈપૂર્વક ગુરુદેવને અભિનંદ્યા...
ગુરુદેવે આધ્યાત્મિક ધર્મની મંગલભેરી વગાડીને
હજારો જીવોને જાગૃત કર્યા છે ને જૈનધર્મનો
મહાન ઉદ્યોત કરી રહ્યા છે...

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા
JUNE : 1965 : વર્ષ, ૨૨: અંક આઠમો

# આત્માર્થીને આત્માની અપ્રાપ્તિ

# 卐 શોભે નહિ 卐

( આત્મપ્રાપ્તિના કોલકરાર ) ( વૈ. સુદ બીજ )

ભર્યા સરોવર પાસે જાય અને પાણી પીધા વગર તરસ્યો રહે–એ તે કાંઈ શોભે ? ન શોભે; પાણી પીને તૃપ્ત થાય એ જ શોભે. તેમ આનંદનું ભર્યું સરોવર આ ચૈતન્ય ભગવાન આત્મા, તેની સન્મુખ જઈને અંતરમાં અનુભવનો અભ્યાસ કરે, અને અનુભવપ્રાપ્તિ ન થાય–એ તે કાંઈ શોભે ? અપ્રાપ્તિ ન શોભે; પણ સ્વાનુભવની પ્રાપ્તિ થાય, થાય ને થાયજ ! –તે જ શોભે છે. અંતર સ્વભાવની સન્મુખ જાય....ને તેના અનુભવની અપ્રાપ્તિ રહે–એ તે શું શોભે છે ? ના; ભગવાન ચૈતન્ય પાસે જાય ને ખાલી હાથે પાછો આવે–એ શોભે જ નહિ, એટલે એમ બને જ નહિ. સારા ઉત્તમ રાજા પાસે ગયેલો માણસ પણ ખાલી હાથે પાછો ન ફરે, તો જગતનો કોલાહલ છોડીને જે જીવ આ ચૈતન્યભગવાન પાસે આવ્યો ને તેના અનુભવમાં સતતપણે વારંવાર અભ્યાસ કરે છે તે સ્વાનુભવ વગર પાછો ન ફરે, તેને સ્વાનુભવની પ્રાપ્તિ થાય જ.

–આવા આત્મપ્રાપ્તિના કોલકરાર સંતોએ સમયસારમાં કર્યા છે.

# શુદ્ધ જીવ અને અજીવની સ્પષ્ટ વહેંચણી

( કલશટીકા-પ્રવચનઃ કલશ ૩૭ )

**રાજકોટ શહેરમાં જિનેન્દ્રભગવંતોની મંગલપ્રતિષ્ઠા કરીને અને એક માસ સુધી કલશ ટીકાના પ્રવચનોમાં અધ્યાત્મરસની ધારા વહેવડાવીને વૈશાખ સુદ તેરસે પૂ. ગુરુદેવ સોનગઢ પધાર્યા, સોનગઢની સમગ્ર જનતાએ ઉમંગભર્યું સ્વાગત કર્યું,; ને કલશટીકાના પ્રવચનોદ્વારા અધ્યાત્મરસના ધોધ વહેવા શરૂ થયા, તથા પરમાત્મપ્રકાશના પ્રવચનોદ્વારા પરમ-આત્મતત્ત્વની ભાવનાનું ઘોલન શરૂ થયું. વિહાર વખતે ૩૭ કલશ સુધી વંચાયેલ ત્યાંથી અનુસંધાન કરીને પ્રવચન શરૂ થાય છે.**

શુદ્ધ જીવમાં જે નથી તે અજીવ છે. તે અજીવ ખરેખર જીવના સ્વભાવથી ભિન્ન છે; એટલે શુદ્ધ જીવ તે જ ખરેખર જીવ છે. વર્ણાદિક ભાવો કે રાગાદિક ભાવો તે ખરેખર જીવથી ભિન્ન, અજીવ છે. શુદ્ધ ચેતન્યદ્રવ્યથી ભિન્નપણે વિદ્યમાન એવા અશુદ્ધ વિભાવ પરિણામો જીવસ્વરૂપથી નીરાળા જ છે. જડ કર્મ કે શરીર તો મૂર્ત અને ભિન્ન છે, પણ અંદરની અરૂપી વિકારી લાગણી, જે ચેતન જેવી દેખાય છે ને જીવ સાથે સંબંધવાળી છે તે વિકારી લાગણીઓ પણ શુદ્ધ સ્વરૂપને અનુભવતાં આત્માથી ભિન્ન જ છે. જેવું જડ પરદ્રવ્ય છે તેવું એ વિકારભાવ પણ પરદ્રવ્ય જ છે. સ્વદ્રવ્ય તો શુદ્ધચૈતન્યમય જ છે.

અહા, જુઓ આ સ્વદ્રવ્યને ને પરદ્રવ્યની વહેંચણી, અંતરના સ્વાનુભવથી આવી વહેચણી કરવી તે ધર્મ છે. શરીર અને કર્મ તો સીધા જડ છે, ને રાગાદિ પરિણામો જીવ

સાથે સંબંધવાળા હોવાછતાં તે ખરેખર જીવ નથી, જીવના શુદ્ધસ્વભાવના અનુભવમાં તેનો પ્રવેશ નથી તેથી ખરેખર તે અજીવ છે. આત્મા તો તેને કહેવાય કે જે શુદ્ધ આનંદપણે અનુભવાય; જેનો અનુભવ જ્ઞાન–આનંદને આપે તેનું નામ જીવ છે.

ત્રણ પ્રકાર થયા–

* શુદ્ધ જીવ;
* શુદ્ધ અજીવ એટલે ખુલ્લા–સ્પષ્ટ અજીવ ( શરીર, કર્મ વગેરે )
* અને જીવનસંબંધી અજીવ ( રાગાદિ પરિણામ )

શુદ્ધજીવનો અનુભવ કરતાં શરીર અને કર્મની જે રાગાદિ ભાવકર્મ પણ ભિન્નપણે જ અનુભવાય છે. ૧૪૮ પ્રકૃતિ (જેમાં તીર્થંકરપ્રકૃતિ પણ આવી જાય છે) તેના નિમિત્તભૂત જેટલા પરભાવો અશુભ કે શુભ છે તે બધાય શુદ્ધ જીવથી ભિન્ન છે, એટલે અજીવ છે. ચેતન જેવા દેખાય છે તો પણ ખરેખર તે ચેતનના સ્વભાવભૂત નથી, શુદ્ધ ચેતનસ્વરૂપ જીવના અનુભવનમાં તેમનો પ્રવેશ નથી, તેથી શુદ્ધ જીવથી તે ભિન્ન છે.

પ્રશ્નઃ– આપે વિભાવ પરિણામોને જીવસ્વરૂપથી ભિન્ન કહ્યા, તો તે ભિન્ન એટલે શું તેનો ભાવાર્થ અમે સમજ્યા નહિ. ભિન્ન કહેતાં તે વસ્તુરૂપ છે, કે અવસ્તુરૂપ છે?

ઉત્તરઃ– શુદ્ધ ચૈતન્યથી ભિન્ન કહ્યા, એટલે શુદ્ધ ચૈતન્યસ્વભાવની દ્રષ્ટિમાં તે અવસ્તુરૂપ છે. શુદ્ધ ચૈતન્યના અનુભવનશીલ જીવને સ્વમાં વિભાવ પરિણામ દેખાતા નથી. પરભાવનું વિદ્યમાનપણું હતું તે તો પહેલાં બતાવ્યું, પણ સ્વાનુભવમાં તો તે અવસ્તુ જ છે, અવિદ્યમાન જ છે. વસ્તુના સ્વભાવભૂત જે ભાવ નથી તેને વસ્તુરૂપે અનુભવવા તે મિથ્યાત્વ છે.

સંતો અનુભવથી કહે છે કે અમે વિકારથી ભિન્ન શુદ્ધ ચૈતન્યવસ્તુને અનુભવીએ છીએ ને તમે પણ આવી શુદ્ધ ચૈતન્ય વસ્તુને સ્વાનુભવ વડે અનુભવો. રાગાદિ પરભાવોનો વર્જનશીલ એટલે છોડનાર આત્મસ્વભાવ છે; એ શુભાશુભ ભાવરૂપ જે અશુદ્ધ આચરણ છે તે કરવા યોગ્ય નથી પણ વર્જન કરવા યોગ્ય છે, છોડવા યોગ્ય છે; આત્માનો સ્વભાવ રાગના અનુભવનશીલ નથી પણ શુદ્ધચેતનના અનુભવનશીલ છે. રાગાદિ પરભાવોને તો દુષ્ટ કહ્યા છે, અનિષ્ટ કહ્યા છે ને મોક્ષમાર્ગના ઘાતક કહ્યા છે. ( પૃ. ૮૯ ) વ્યવહારચારિત્રના શુભ પરિણામને પણ એમાં જ નાંખ્યા છે. ઉપાદેયરૂપ શુદ્ધભાવ છે, તે જ મોક્ષનું કારણ છે. જેટલી શુદ્ધતા છે તેટલું જ મોક્ષનું કારણ છે, અને જેટલું મોક્ષનું કારણ છે તેટલું જ ઉપાદેયરૂપ છે; જેટલી અશુદ્ધતા છે તેટલું બંધનું કારણ છે ને જેટલું બંધનું કારણ છે તેટલું છોડવા યોગ્ય છે.

પરભાવો અનિષ્ટ છે એટલે કે ઇષ્ટ નથી; ધર્માત્માને તે પ્રિય નથી. ધર્માત્માને ઇષ્ટ વહાલો ને પ્રિય તો પોતાનો શુદ્ધ ચૈતન્યસ્વભાવ જ છે. પરભાવ જેને પ્રિય છે તેને

શુદ્ધ આત્મસ્વભાવ પ્રિય નથી. વિકલ્પની જાળ ઊઠે તે જ્ઞાનીને પ્રિય નથી, ઇષ્ટરૂપ નથી, તેની ઈચ્છા નથી; એટલે તે વિકલ્પજાળ ઊઠે તો ઊઠો પણ અનુભવનશીલ એવી શુદ્ધ ચૈતન્યવસ્તુમાં તો કાંઈ વિકલ્પજાળ નથી; તેથી તે સ્વદ્રવ્ય નથી પણ પરદ્રવ્ય છે; ને પરદ્રવ્ય હોવાથી સ્વવસ્તુના અનુભવમાં તો તે અવસ્તુ જ છે. જેમ ચેતનના અનુભવમાં જડનો પ્રવેશ નથી તેમ પરભાવનો પણ તેમાં પ્રવેશ નથી તેથી તે પણ પરમાર્થે પરદ્રવ્ય છે, જે સ્વદ્રવ્યની શુદ્ધઅનુભૂતિમાં નહિ તે બધું ય પરદ્રવ્ય છે. અરે, રાગને તો મોક્ષમાર્ગનો ઘાતક કહ્યો છે તો તે સ્વવસ્તુ કેમ હોય? અજ્ઞાની તેને (શુભ રાગને) મોક્ષનું સાધન માને છે. પણ ભાઈ, અશુભકષાયોની જેમ શુભ પરિણામોનો પણ મોક્ષમાર્ગમાં નિષેધ છે. શુદ્ધ ચૈતન્યવસ્તુના અનુભવરૂપ જે મોક્ષમાર્ગ છે તે તો એકલી શુદ્ધતારૂપ જ છે, તે શુભાશુભરાગરૂપ નથી. શુભાશુભરાગ તો મોક્ષમાર્ગની ક્રિયાથી વિપરીત છે. મોક્ષમાર્ગ ભલો છે, અને શુભાશુભપરિણામ દુષ્ટ છે, માટે તે વર્જનીય છે.

અહા, છઠ્ઠા સાતમા ગુણસ્થાને સ્વરૂપના આનંદમાં વારંવાર ઝૂલતા ભગવાન સંત– મુનિઓએ સ્પષ્ટ વસ્તુસ્વરૂપ અનુભવીને પ્રસિદ્ધ કર્યું છે. અહા, મુનિદશા એટલે તો પરમેષ્ઠીપદ,–જાણે હાલતાચાલતા ભગવાન!–એવા સંતોની આ વાણી છે, કુંદકુંદાચાર્યદેવ ને અમૃતચંદ્રાચાર્યદેવે અલૌકિક વસ્તુસ્વરૂપ જગતને બતાવ્યું છે, શુદ્ધ જીવસ્વભાવ અને પરભાવોની અત્યંત ભિન્નતા બતાવીને શુદ્ધજીવનો અનુભવ કરાવ્યો છે; ને પરભાવોને તો 'અવસ્તુ' કહીને અનુભવથી બહાર કાઢી નાંખ્યા છે; એટલે વ્યવહારને જ શુદ્ધઅનુભવની બહાર કાઢી નાંખ્યો છે.

આ 'અજીવ–અધિકાર' છે, 'શુદ્ધજીવ' નહિ તે બધુંય અજીવ–એમ જીવ–અજીવની સ્પષ્ટ વહેંચણી કરી છે. આવા શુદ્ધસ્વરૂપ જીવને અનુભવમાં ને પ્રતીતમાં લેવો તે સમ્યગ્દર્શન છે. આવા સમ્યગ્દર્શનની દ્રષ્ટિમાં ઉત્કૃષ્ટ એક પરમ તત્ત્વ જ દેખાય છે. કોઈ વિભાવો તેમાં દેખાતા નથી. વિભાવ એટલે કે વ્યવહારપરિણામ તે ઉત્કૃષ્ટ નથી, શુદ્ધદ્રષ્ટિમાં જે પરમતત્ત્વ દેખાય છે તે જ ઉત્કૃષ્ટ છે. આઠ વર્ષની બાલિકા પણ સમ્યગ્દર્શનમાં આવા ઉત્કૃષ્ટ તત્ત્વને દેખે છે–અનુભવે છે. આવા ઉત્કૃષ્ટ પરમતત્ત્વના અનુભવમાં જ મોક્ષમાર્ગ સમાય છે.

卐



*** રાજકોટ-મહોત્સવ સમાચાર ***

## ભવ્ય સમવસરણ અને ઉન્નત માનસ્તંભમાં જિનેન્દ્રપ્રતિષ્ઠા

**આનંદ અને ઉલ્લાસથી ઉજવાયેલ**

## શ્રી જિનેન્દ્ર-પ્રતિષ્ઠાનો પંદરમો પંચકલ્યાણક-મહોત્સવ

## પૂ. ગુરુદેવનો ૭૬મો મંગલ-જન્મોત્સવ

**પૂ. શ્રી ગુરુદેવદ્વારા જૈનધર્મની મહાન પ્રભાવના દિનોદિન વૃદ્ધિગત થઈ રહી છે; વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્રનો જે અપાર મહિમા તેઓશ્રી સમજાવે છે તેના પ્રતાપે હજારો ભક્તો પ્રભાવિત થાય છે, ઠેરઠેર જિનમંદિરો બંધાય છે, ને તેમાં જિનેન્દ્રપ્રતિષ્ઠાના મંગલ મહોત્સવો ઉજવાય છે. એવો પંદરમો પંચકલ્યાણક-પ્રતિષ્ઠામહોત્સવ આ વૈશાખ માસમાં રાજકોટ શહેરમાં ઉજવાયો. અનુક્રમે સોનગઢ (૧૯૯૭), સોનગઢ (૧૯૯૮) વીંછીયા, લાઠી, રાજકોટ, સોનગઢ (૨૦૦૯), પોરબંદર, મોરબી, વાંકાનેર, લીંબડી, મુંબઈ (૨૦૧૫) જામનગર, જોરાવરનગર, મુંબઈ (૨૦૨૦) તથા રાજકોટ (૨૦૨૧) આ રીતે પંદર વખત પંચકલ્યાણક પ્રતિષ્ઠામહોત્સવ થયા. આ ઉત્સવમાં સાથે સાથે વૈશાખ સુદ બીજનો ૭૬મો જન્મોત્સવ પણ રાજકોટમાં ઉજવાયો. આ ઉત્સવ પ્રસંગે રાજકોટમાં એક મહિના સુધી કલશટીકા ઉપર અધ્યાત્મરસની ધારા ગુરુદેવે વરસાવી. અહીં ઉત્સવના મધુર સંભારણા આપ્યાં છે.**

**બ્ર. હ. જૈન (સં.)**

ચૈત્ર વદ ૮ ના રોજ રાજકોટના સમવસરણ–મંદિરના પહેલા ગઢનો પહેલવહેલો આરસનો પાષાણ મુકવાનું મુહૂર્ત થયું; મંગલ તરીકે ગુરુદેવના સુહસ્તે તે પાષાણશીલા ઉપર સ્વસ્તિક કરાવીને ચણતરનો પ્રારંભ થયો; સંઘની બીજી અગ્રગણ્ય વ્યક્તિઓના હસ્તે પણ મુહૂર્ત થયું. આ રીતે સમવસરણની રચનાનો પ્રારંભ થયો. આરસનું સમવસરણ સુંદર અને ભવ્ય બન્યું છે.

પંચકલ્યાણક પ્રતિષ્ઠામહોત્સવ સંબંધી વિધિ–વિધાનનો મંગલપ્રારંભ વૈશાખ સુદ એકમના પ્રાતઃકાળે થયો. સવા લાખ જાપની

શરૂઆત કરીને શ્રી જિનેન્દ્રદેવને રથયાત્રાપૂર્વક પ્રતિષ્ઠામંડપ (સીમંધરનગર) માં બિરાજમાન કરવામાં આવ્યા; પ્રભુજીની પધરામણીથી સીમંધરનગર શોભી ઊઠયું.

બપોરે ભાઈશ્રી રસિકલાલ ફૂલચંદ મહેતાના નવા મકાનના વાસ્તુ નિમિત્તે તેમને ત્યાં ભગવાનને બિરાજમાન કરીને ભક્તિ કરવામાં આવી હતી. પૂ. ગુરુદેવ પણ ત્યાં પધાર્યા હતા.

## વૈશાખ સુદ બીજ : ૭૬ મો જન્મોત્સવ

વૈશાખ સુદ બીજ આવી ને મંગલ વધાઈ લાવી. વહેલી સવારથી વાજિંત્રનાદ ને ઘંટનાદથી રાજકોટનગરી ગાજી ઊઠી. સાડાપાંચ વાગતાં મંગલવધાઈ સહિત પ્રભાતફેરી નીકળી.....ઊંઘમાંથી ઝબકીને રાજકોટના પ્રજાજનો જાગી ઊઠયા....ને કહાનગુરુના ૭૬મા જન્મોત્સવની મંગલવધાઈ સાંભળીને ટોળેટોળા સીમંધરનગર તરફ જન્મોત્સવ ઉજવવા ઉમટયાં. છ વાગતાં ગુરુદેવ જિનમંદિરમાં પધાર્યા ને ભક્તિપૂર્વક અર્ઘ ચડાવીને સીમંધરનાથના ચરણની પૂજા કરી. પછી પ્રતિષ્ઠા મંડપમાં પધાર્યા ને હજારો જીવોના હર્ષનાદથી મંડપ ગાજી ઊઠયો. મંડપના આંગણે હજારો ભક્તોની સાથે હાથીરાજ પણ સૂંઢમાં પુષ્પમાળા લઈને ગુરુદેવના સ્વાગત માટે તૈયાર ઊભા હતા. ૭૬ કમાનો અને ૭૬ દીપકોથી ઝગમગતા રસ્તા વચ્ચેથી પસાર થઈને ગુરુદેવ મંચ ઉપર પધાર્યા, મંગલગીત ને મંગલવધાઈ શરૂ થઈ, ને પછી શ્રીફળ વગેરે લઈને હજારો ભક્તજનોએ ગુરુજન્મના વધામણાં લીધા....હજાર હજાર હાથો એક સાથે ગુરુદેવને અભિનંદી રહ્યા. મંડપની આજની શોભા અનેરી હતી, તો મુમુક્ષુઓનો આજનો ઉલ્લાસ તેથી પણ અનેરો હતો. ગુરુજન્મોત્સવ પોતાના આંગણે થતાં રાજકોટની જનતાએ પોતાના અહોભાગ્ય માન્યા, ને ભારતભરમાંથી અગ્રગણ્ય ભક્તોએ આવીને તેમાં સાથ પૂરાવ્યો....બીજા સેંકડો ભક્તજનોએ તાર–સન્દેશદ્વારા જન્મવધાઈમાં સૂર પૂરાવ્યો.

પછી ગુરુદેવનું ઉલ્લાસભર્યું પ્રવચન થયું. પ્રવચનમાં બોધીબીજનો ઘણો મહિમા ગુરુદેવે પ્રસિદ્ધ કર્યો. ભેદજ્ઞાનરૂપી બીજ ઊગે છે તે ત્રણ કળા સહિત છે, સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર એ ત્રણે કળાના અંશો લેતી બોધીબીજ પ્રગટી તે વધીવધીને કેવળજ્ઞાનરૂપી પૂર્ણ સોળ કળાએ ખીલી ઉઠશે. ગુરુદેવની મંગલવાણી સાંભળતાં સભા હર્ષથી ખીલી ઉઠી.

પ્રવચનબાદ બાદ રાજકોટ અંધશાળાની બહેનોએ મંગલગીત ગાયું હતું. તથા સમસ્ત મુમુક્ષુમંડળ તરફથી ભાઈશ્રી ખીમચંદ જે. શેઠ તથા પ્રમુખ શ્રી નવનીતલાલભાઈ સી. ઝવેરીએ ગુરુદેવ પ્રત્યે આજના મંગલ પ્રસંગ નિમિત્તે અભિનંદન અને શ્રદ્ધાંજલિરૂપ ભાષણ કરેલ. ત્યારબાદ જન્મોત્સવની ખુશાલીમાં ૭૬ની રકમો (એકંદર ઓગણત્રીસ હજાર જેટલી રકમ) જાહેર થઈ હતી. આ પ્રસંગે ભારતભરમાંથી તેમજ પરદેશમાંથી સેંકડો અભિનંદન–સન્દેશા આવ્યા હતા. ગુરુદેવના આહારદાનનો લાભ આજે શ્રી મૂળજીભાઈ ચત્રભુજ લાખાણીના કુટુંબને પ્રાપ્ત થયો હતો.

તેથી તેમને ઘણો આનંદ થયો હતો.

બપોરે પ્રવચન પછી જિનમંદિરમાં ભક્તિ તથા સાંજે ૭૬ દીપકોથી આરતિ થઈ હતી. રાત્રે બાલિકાઓએ જન્મોત્સવ–પ્રસંગને લગતું આનંદ–નાટક કર્યું હતું; આ નાટક દ્વારા ગુરુદેવના જીવનપ્રસંગોની ઝાંખી થતી હતી, ખાસ કરીને ઉમરાળાનાં દ્રશ્યો સૌને આનંદ ઉપજાવતા હતા. સંવાદમાં રાજકોટની ૫૬ જેટલી નાની નાની બાળાઓએ સુંદર કાર્ય કર્યું હતું. એ રીતે ગુરુદેવનો ૭૬મો જન્મોત્સવ રાજકોટમાં આનંદથી ઉજવાયો હતો.

વૈશાખ સુદ ત્રીજે : પ્રવચન પછી, પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે વીસ વિહરમાન–તીર્થંકર–મંડલવિધાનપૂજનનો પ્રારંભ થયો હતો, ને વૈશાખ સુદ ચોથ ( તા. ૫ )ની સાંજે જિનેન્દ્રદેવના અભિષેકપૂર્વક મંડલવિધાનની પૂર્ણતા થઈ હતી.

વૈશાખ સુદ ૬ ( તા. ૬ ) ની પ્રભાતે મૃત્તિકાનયનની વિધિ થઈ હતી. ત્યારપછી તુરત ભગવાન જિનેન્દ્રદેવની પધરામણી સહિત પ્રતિષ્ઠામંડપમાં જૈન–ઝંડારોપણ થયું હતું. સીમંધરનગરના ખુશખુશાલ વાતાવરણમાં સોનેરી સૂર્યકિરણો વચ્ચે જૈનધર્મધ્વજ ૩૧ ફૂટ ઊંચે ફરકી રહ્યો હતો. ગુરુદેવના પ્રવચન બાદ જલયાત્રાનું સરઘસ નીકળ્યું હતુ. બપોરે ચોવીસતીર્થંકરોના મંડલ–પૂજનપૂર્વક અંકુરારોપણની વિધિ થઈ હતી. રાત્રે ફિલ્મદ્વારા સોનગઢના માનસ્તંભ–પ્રતિષ્ઠા મહોત્સવનાં દ્રશ્યો બતાવવામાં આવ્યા હતાં....સોનગઢ પ્રતિષ્ઠામહોત્સવનાં એ દ્રશ્યો જોઈને આનંદ થતો હતો.

વૈશાખ સુદ સાતમ (તા. ૭) ની સવારમાં આચાર્ય અનુજ્ઞા વિધાનપૂર્વક પ્રતિષ્ઠા મહોત્સવનો મંગલ પ્રારંભ થયો હતો. ૧૧ ઇન્દ્રઇન્દ્રાણીની તથા કુબેરની સ્થાપના થઈ હતી ને ઇન્દ્રપ્રતિષ્ઠાનું ભવ્ય સરઘસ નીકળ્યું હતું; મુખ્ય ઇન્દ્રો હાથી ઉપર હતા; તથા બીજા અનેક સજધજથી સરઘસ શોભતું હતું. છપ્પન કુમારિકાઓ પણ એક મોટા રથમાં સાથે હતી. સાંજે ઇન્દ્રોદ્વારા થતું “યાગમંડલ પૂજનવિધાન” થયું હતું. જેમા ચાર મંગળ–ઉત્તમ–શરણરૂપ અરિહંતાદિ પરમેષ્ઠી ભગવંતોનું, ત્રણ ચોવીસીના તીર્થંકરોનું, વીસ વિહરમાન તીર્થંકરોનું, આચાર્ય–ઉપાધ્યાય–સાધુનું તેમજ ઋદ્ધિધારી મુનિવરોનું પૂજન કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત જિનધર્મ, જિનાગમ, જિનચૈત્ય ને જિનચૈત્યાલનું પૂજન કરવામાં આવ્યું હતું. રાત્રે કુમારિકા બહેનોદ્વારા આદિનાથ પ્રભુની મંગલ સ્તુતિપૂર્વક પંચ કલ્યાણકનાં દ્રશ્યોનો પ્રારંભ થયો હતો. પહેલું દ્રશ્ય સર્વાર્થસિદ્ધિ–વિમાનનું હતું–જેમાં ભગવાન આદિનાથનો જીવ દેવપર્યાયમાં છે ને સર્વાર્થસિદ્ધિના દેવો ચર્ચા કરે છે તે ભાવોનું દ્રશ્ય હતું.

ત્યારપછીનું દ્રશ્ય ઇન્દ્રદરબારનું હતું. આદિનાથપ્રભુના ગર્ભકલ્યાણક પ્રસંગે ઇન્દ્ર કુબેરને અયોધ્યાનગરીની રચના કરવાની આજ્ઞા કરે છે, ધનદ કુમારિકા દેવીઓને માતાજીની

સેવામાં મોકલે છે, તીર્થંકરના અવતરણનો આનંદ મનાવે છે; ત્રીજું દ્રશ્ય હતું અયોધ્યાના રાજદરબારનું, જેમાં નાભિરાજા અને મરૂદેવી માતા બિરાજમાન છે. (માતા–પિતા તરીકેની સ્થાપનાનું સૌભાગ્ય શ્રી પ્રભુલાલભાઈ ત્થા તેમના ધર્મપત્ની શ્રી શાન્તાબેનને પ્રાપ્ત થયું હતું.) માતાને ૧૬ મંગલસ્વપ્નપૂર્વક તીર્થંકરના ઉદરાગમનની આગાહી થાય છે. બીજે દિવસે (તા. ૮) સવારમાં ઈન્દ્રસભા, રાજદરબાર, તથા ૧૬ મંગલસ્વપ્નોનું ફળવર્ણન, દેવીઓ દ્વારા માતાજીની સેવા તથા પ્રશ્નોત્તર વગેરે દ્રશ્યો થયા હતા. ઈંદોરના પ્રતિષ્ઠાચાર્ય પં. શ્રી નાથુલાલજી શાસ્ત્રી દરેક વિધિ ને દરેક પ્રસંગોનું સુંદર શૈલીથી વિવેચન કરીને સમજાવતા હતા. અજમેરની ભજનમંડળી પણ આવી ગઈ હતી ને નૃત્ય–ભજન–સંગીત–દ્વારા દરેક પ્રસંગને શોભાવતી હતી.

**વૈશાખ સુદ ૯, રવિવાર**: (તા. ૯) આજે સવારમાં ભગવાન આદિનાથ પ્રભુનો અવતાર થતાં સર્વત્ર જન્મકલ્યાણકના આનંદનો કોલાહલ છવાઈ ગયો. આજે રાજકોટ તો અયોધ્યાનગરી બન્યું, અને આજનો દિવસ જાણે ચૈત્ર વદ નોમનો જ હતો. ઈન્દ્રરાજ ઐરાવત હાથી લઈને ભગવાનનો જન્મોત્સવ કરવા આવી પહોંચ્યા. નાભિરાજાના દરબારમાં ઋષભજન્મની મંગલ વધાઈ આવતાં મોટી રાજસભા આનંદોત્સવ કરવા લાગી; છપ્પન કુમારિકા દેવીઓ મંગલ વધાઈ ગાવા લાગી. શચી ઇન્દ્રિાણીએ આનંદોલ્લાસથી બાલ તીર્થંકરને તેડયા ને સૌધર્મઇન્દ્રે હર્ષોલ્લાસથી હજારનેત્રે ભગવાનને નીહાળ્યા....ને હાથી ઉપર બિરાજમાન કર્યા. (સૌધર્મેન્દ્ર તથા શચી ઇન્દ્રાણી થવાનું સૌભાગ્ય ભાઈશ્રી રતિલાલ મોહનલાલ ઘીયા તથા તેમના ધર્મપત્ની શારદાબેનને પ્રાપ્ત થયું હતું.) જન્મોત્સવની ભવ્ય સવારી મેરુ તરફ ચાલી. એ બાલતીર્થંકરને દેખીદેખીને હજારો નગરજનો હર્ષિત થયા. પૂ. ગુરુદેવ પણ જન્મોત્સવની આખી સવારીમાં સાથે જ હતા ને તીર્થંકર ભગવાનના કલ્યાણકના પ્રસંગો દેખીને પ્રસન્ન થતા હતા. મેરુ ઉપર હજારો ભક્તોના હર્ષાનંદ વચ્ચે ઇન્દ્ર વગેરેએ ૧૦૦૮ કલશોથી જિનાભિષેક કર્યો. અહો, ચૈતન્યની સાધના પૂર્ણ કરવા તીર્થંકરનો આ અંતિમ અવતાર છે, ચૈતન્યની સાધના પૂર્ણ કરીને જગતના અસંખ્ય જીવોને આત્મ સાધનાનો માર્ગ પ્રકાશિત કરશે.–એવા તીર્થંકરના જન્માભિષેકનાં દ્રશ્યો ભક્ત–હૃદયમાં જિનેન્દ્રમહિમા પ્રગટાવતા હતા. અભિષેકબાદ દૈવી વસ્ત્રાભૂષણોથી સુસજ્જ એ બાલતીર્થંકરની સવારી પુનઃ સીમંધરનગરની અયોધ્યા નગરીમાં આવી પહોચી, ને ઇન્દ્રોએ તાંડવનૃત્યથી આનંદ વ્યક્ત કર્યો. બપોરે પ્રવચનમાં પણ ગુરુદેવે ભગવાનના જન્મનો મહિમા બતાવીને, અધ્યાત્મિક રીતે આત્માની પર્યાયમાં ભગવાનનો અવતાર કેમ થાય–તે સમજાવ્યું હતું.

પ્રવચન બાદ ભગવાન ઋષભકુમારનું પારણાઝુલન થયું હતું; પારણીયે ઝૂલી રહેલા એ બાલતીર્થંકરને દેખીદેખીને ભક્તજનો આનંદથી નાચી ઊઠતા હતા. રાત્રે નાભિરાજાના રાજદરબારમાં ઋષભકુમારનો રાજ્યા–

No-1




**સીમંધરનગર ( રાજકોટ )**
**જ્યાં વૈશાખમાસમાં પંચકલ્યાણક-પ્રતિષ્ઠા-મહોત્સવ ઉજવાયો**



**રાજકોટનગરીમાં સ્વાગત ( ચૈત્ર સુદ ૧૩ )**
**જેમાં ૭૬ મંગલકલશ સહિત ૭૬ સૌ. બહેનો હતાં**

No-2 રાજકોટ-પ્રતિષ્ઠા- મહોત્સવ — જન્મકલ્યાણકની સવારીનાં દૃશ્યો






મેરુ-પ્રદક્ષિણા — અજમેરના કલાકારનું નૃત્ય

ગછત મંદિર શિખર ઉપર ભુવન જીવન જિનતણો, જિન જન્મઉત્સવ કરણ કારણ, આવજો સવિ સુરગણો;
તુમ શુદ્ધ સમકિત થાશે નિર્મળ દેવાધિદેવ નીહાળતાં, આપણાં પાતિક સર્વ જાશે નાથ ચરણ પ્રક્ષાલતાં






સુરપતિ મેરુ-શિખર જઈ ચડીયા............. — કનક કલશ ક્ષીરોદક ભરીયા...........

ચાલો......આપણે પણ કળશ ભરીને મેરુ પર જઈએ, ને પ્રભુજીનો અભિષેક કરીને પાવન થઈએ.

-: રાજકોટ-પ્રતિષ્ઠા-મહોત્સવઃ- No-3




જન્માભિષેક પ્રસંગે ઐરાવત દ્વારા મેરુપર્વતની પ્રદક્ષિણા



જન્માભિષેક પછી ઇન્દ્રોનો આનંદ

# રાજકોટ પ્રતિષ્ઠા-મહોત્સવ




કુમારિકા દેવીઓ જગતજનેતા મરૂદેવી માતાની સેવા કરે છે.




અને માતાજી ઋષભકુંવરને પારણે ઝૂલાવી રહ્યા છે

# ધન્ય અવતાર જિનરાજનો રે......લાલ.....





રાજકુમાર ઋષભદેવ; માતા-પિતા તથા ઇન્દ્ર-ઇન્દ્રાણી



અમે આવ્યા છીએ ભગવાનને ભેટ ધરવા....
( એક પછી એક રાજા મહારાજાઓ ભેટ ધરી રહ્યા છે )

No-6



ભગવાનને વૈરાગ્ય થતાં લોકાંતિક દેવો સ્તુતિપૂર્વક
વૈરાગ્યની અનુમોદના કરી રહ્યા છે.



દીક્ષાકલ્યાણક પ્રસંગે સૌધર્મેન્દ્ર પ્રભુનો અભિષેક કરે છે.

No-7



દીક્ષાકલ્યાણક પ્રસંગે આદિનાથ પ્રભુના કેશલોચનું દૃશ્ય.
પૂ. શ્રી કાનજીસ્વામી અત્યંતભક્તિપૂર્વક એ વિધિમાં ભાગ લઈ રહ્યા છે.



દીક્ષા પછીના વૈરાગ્ય પ્રવચનમાં ગુરુદેવ કહે છે કેઃ અહા, ચૈતન્યના આનંદમાં ઝૂલતા મુનિઓની શી વાત ! મુનિ એટલે તો જાણે હાલતા ચાલતા સિદ્ધ; આત્માને ઓળખીને એ મુનિદશાની ભાવના ભાવવા જેવી છે.

No-8



શ્રી ઋષભમુનિરાજ આહાર માટે પધારતાં શ્રાવકો પડગાહન કરી રહ્યા છે-
પધારો મુનિરાજ પધારો ! ધન ભાગ્ય ! અમારા આંગણે કલ્પવૃક્ષ આવ્યું !



ભો મુનિરાજ ! તિષ્ઠ..... તિષ્ઠ મનશુદ્ધિ વચનશુદ્ધિ....
કાયશુદ્ધિ........આહારશુદ્ધિ...પ્રભો ! આહાર ગ્રહણ કિજીએ....

ભિષેક થયો હતો; દેશોદેશના અનેક રાજાઓએ ભેટ ધરી હતી.

(વૈ. સુદ ૧૦, તા. ૧૦) આજે સવારમાં ભગવાન ઋષભદેવના વૈરાગ્યનું દ્રશ્ય થયું હતું. ચૈત્ર વદ નોમ–એ ભગવાનના જન્મકલ્યાણકનો દિવસ હતો; ઇન્દ્ર–દેવદેવીઓ રાજસભામાં નૃત્ય–ભક્તિ કરી રહ્યા છે; નીલંજસાદેવી હાવભાવથી પ્રભુસન્મુખ ભક્તિ વ્યક્ત કરી રહી છે, ત્યાં નૃત્ય કરતાં કરતાં જ તેનું આયુષ્ય પૂર્ણ થતાં તે અદ્રશ્ય બની જાય છે ને તેના સ્થાને તેના જેવી જ બીજી દેવી આવીને નૃત્ય કરે છે. ભગવાનના સૂક્ષ્મજ્ઞાનમાં એ વાત છૂપી રહેતી નથી, ને સંસારની આવી ક્ષણભંગુરતા દેખીને તરત ભગવાન સંસારથી વિરક્ત થાય છે, જાતિસ્મરણજ્ઞાન થાય છે, બાર વૈરાગ્ય ભાવના ભાવે છે, લોકાંતિકદેવો આવીને સ્તુતિપૂર્વક ભગવાનના વૈરાગ્યની અનુમોદના કરે છે; ઇન્દ્રો દીક્ષાકલ્યાણક ઉજવવા આવે છે. દીક્ષાપ્રસંગના મંગલ અભિષેક બાદ ભગવાનની દીક્ષાયાત્રા શરૂ થાય છે. શરૂઆતમાં રાજવીઓ પછી વિદ્યાધરો ને પછી દેવો પ્રભુની પાલખી ઉપાડે છે. પ્રભુની સાથે દીક્ષા–યાત્રામાં હજારો નરનારીઓનો સમૂહ ભગવાનના વૈરાગ્યની અનુમોદના કરતો ને તે ધન્યદશાની ભાવના ભાવતો જઈ રહ્યો હતો. પ્રભુ આદિનાથની દીક્ષાયાત્રામાં પૂ. કહાનગુરુ પણ ઠેઠ સુધી સાથે હતા. દીક્ષાવન (જ્યુબિલી ગાર્ડન) માં પ્રભુની દીક્ષાના ભાવભીનાં દ્રશ્યો અલૌકિક વાતાવરણ ખડું કરતા હતા, રાજકોટ જેવા શહેરની મધ્યમાં હોવા છતાં દુન્યવી વાતાવરણથી દૂર–દૂર કોઈ પ્રશાંત–વનમાં મુનિરાજની સમીપ બેઠા હોઈએ એવું ઘેરું વાતાવરણ હતું. આવા વાતાવરણ વચ્ચે દીક્ષાકલ્યાણક બાદ પ્રવચનમાં પૂ. ગુરુદેવે એ મુનિદશાનું સ્વરૂપ સમજાવ્યું ને એ ધન્યદશાની ભાવના ઉલ્લસાવી, દીક્ષાવિધિ બાદ ચાર જ્ઞાનધારી પ્રભુ તો વનમાં વિચરી ગયા, ને ભક્તજનો નગરીમાં પાછા ફર્યા. બપોરે એ ઋષભમુનિરાજના દર્શનથી સૌને આનંદ થયો ને મુનિભક્તિ કરી. રાત્રે ભગવાન શ્રી આદિનાથપ્રભુના દસ પૂર્વભવોનાં દ્રશ્યો સહિત પં. શ્રી નાથુલાલજી શાસ્ત્રીએ વિવેચન કર્યું હતું. જેમાં પૂર્વના આહારદાન વગેરે પ્રસંગોનાં ભક્તિભીનાં દ્રશ્યો જોતાં આનંદ થતો હતો. ત્યારબાદ ભરત અને બાહુબલી સંબંધી સંવાદ નાટકરૂપે રજુ કરવામાં આવ્યો હતો.

(તા. ૧૧, વૈ. સુદ. ૧૧) આજે સવારે શ્રી ઋષભમુનિરાજના આહારદાનનો પ્રસંગ આનંદપૂર્વક બન્યો હતો. આહારદાનનો લાભ શેઠ શ્રી મોહનલાલ કાનજીભાઈ ધીયાને મળ્યો હતો. એક વર્ષ ઉપરાંતની તપસ્યા બાદ આજે ભગવાને પ્રથમવાર આહારગ્રહણ કર્યું ને અસંખ્યવર્ષો બાદ શ્રેયાંસરાજાના સુહસ્તે મુનિના આહારદાનનો માર્ગ આ ભરતક્ષેત્રમાં ખૂલ્યો, એ ધન્ય પ્રસંગોના સ્મરણથી હર્ષ થતો હતો. ધન્ય એ આહાર લેનાર મોક્ષમાર્ગી મુનિરાજ; ને ધન્ય એ દાતાર શ્રેયાંસરાય.–આઠ આઠ ભવના એ સાથીદાર હતા. આહારદાન પછી અત્યંત હર્ષપૂર્વક એ મુનિરાજની સાથે સાથે જઈને ભક્તજનોએ ઘણા ભાવપૂર્વક

ભક્તિ કરી.

બપોરે પ્રતિષ્ઠા સંબંધી વિધિમાં મહત્વપૂર્ણ એવી જિનપ્રતિમા ઉપર અંકન્યાસવિધિ થઈ. તેમાં પૂ. ગુરુદેવના સુહસ્તે પણ જિનપ્રતિમાઓ ઉપર મંત્રાક્ષરો લખવાની વિધિ દેખીને સૌને ઘણો હર્ષ થયો. ઘણા ભક્તિભાવથી પ્રસન્નતાપૂર્વક ગુરુદેવે કુલ ૧૯ જિનબિંબો ઉપર અંકન્યાસવિધાન કર્યું; એ વખતે શ્રી જિનેન્દ્રદેવના જયજયકારથી વાતાવરણ ગાજી રહ્યું.

અંકન્યાસ બાદ બપોરે શ્રી જિનેન્દ્ર ભગવંતોને કેવળજ્ઞાન થયું. ઘંટનાદ ગાજી ઉઠયા, સુંદર સમવસરણ રચાયા ને ઈન્દ્ર વગેરેએ કેવળજ્ઞાન–કલ્યાણકની પૂજા કરી. પ્રયાગ એટલે વિશિષ્ટ પૂજનઃ જ્યાં ભગવાનને કેવળજ્ઞાન થયું ને ઈન્દ્રઓ વિશિષ્ટ પૂજન કર્યું તે સ્થાન 'પ્રયાગ' તરીકે જગતમાં પ્રસિદ્ધ થયું; આજે પણ તે એક મહાન તીર્થ ગણાય છે. સમવસરણ વચ્ચે ગંધકૂટી ઉપર બિરાજમાન શ્રી તીર્થંકરદેવને નીહાળતાં ભક્તજનો આનંદિત થયા હતા. સમવસરણમાં દિવ્યધ્વનિથી ભગવાને શું ઉપદેશ આપ્યો તે ગુરુદેવે પ્રવચનમાં સમજાવ્યું હતું. પ્રવચન બાદ સમવસરણ–સન્મુખ ભક્તિ–પૂજન થયા; રાત્રે ભક્તિનો વિવિધ કાર્યક્રમ હતો, તથા વૈરાગી ભરત, નમિ–વિનમિ વગેરે સંબંધી કેટલાક દ્રશ્યો થયા હતા.

વૈશાખ સુદ ૧૨ ( તા. ૧૨ ) બુધવારઃ સવારમાં કૈલાસગિરિ ઉપર બિરાજમાન યોગનિરોધસન્મુખ ભગવાન આદિનાથપ્રભુના દર્શન થયા. પછી પ્રભુ ૧૪મા ગુણસ્થાને દેખાયા....ને થોડી જ વારમાં તો ભગવાન ચર્મચક્ષુથી અદ્રશ્ય થઈને સિદ્ધાલયમાં સિધાવ્યા. કૈલાસતીર્થ પરથી પ્રભુ મોક્ષ પધાર્યા. ને ઈન્દ્રોએ આવીને ભગવાનનો મોક્ષકલ્યાણક ઉજવ્યો, સિદ્ધક્ષેત્ર કૈલાસધામનું પૂજન કર્યું. અનેક જિનાલયોથી કૈલાસપર્વત શોભતો હતો. આમ આનંદમંગલપૂર્વક જિનેન્દ્રભગવાનના પંચકલ્યાણક પૂર્ણ થયા......ગુરુદેવના મહાન પ્રભાવના ઉદયથી જૈનધર્મના જયજયકાર સર્વત્ર ગુંજી રહ્યા.

પ્રતિષ્ઠિત થયેલા સીમંધરનાથપ્રભુના જિનબિંબોને અતિશય ભક્તિપૂર્વક સમવસરણમાં તથા માનસ્તંભ ઉપર પધરાવવામાં આવ્યા. ને બરાબર સાત વાગતા ગુરુદેવે અને અનેક ભક્તજનોએ અતિશય ભક્તિપૂર્વક શ્રી જિનેન્દ્ર ભગવંતોને વેદી ઉપર બિરાજમાન કર્યા. સમવસરણમાં ચૌમુખી સીમંધરનાથ બિરાજ્યા ને એ સમવસરણ શોભી ઊઠયું, સમવસરણની લગભગ બધી જ રચના આરસની છે. ત્યારબાદ ૫૪ ફૂટ ઊંચા માનસ્તંભમાં ચારે દિશામાં ( ઉપર ૪ તથા નીચે ૪ ) સીમંધર ભગવાન બિરાજતા એ ઉન્નત માનસ્તંભ પણ જિનેન્દ્રવૈભવથી શોભી ઊઠયો. જિનેન્દ્ર ભગવાનની પ્રતિષ્ઠાની વિધિમાં ગુરુદેવ ઘણા હર્ષોલ્લાસથી ભાગ લેતા હતા. ને પરમ જિનભક્તિપૂર્વક પ્રભુજીને પધરાવતા હતા. હજારો ભક્તોના હૈયા હર્ષ અને ભક્તિથી ઉલ્લસી રહ્યા હતા. અને ભક્તો માનસ્તંભ ઉપર જઈ ભક્તિ કરતા ને યાત્રા જેવો આનંદ અનુભવતા.



આહારદાન પ્રસંગે ઋષભમુનિરાજની પૂજામાં
પૂ. શ્રી કાનજીસ્વામી ભક્તિપૂર્વક ભાગ લઈ રહ્યા છે.

卐



શ્રાવકો કહે છે: આપ પણ મુનિરાજને આહારદાન
કરવા પધારો.....ને પૂ. કાનજીસ્વામીને ય મુનિરાજને
આહારદાન દેવાની ઉર્મિ જાગી....ભક્તિપૂર્વક
ઈક્ષુરસનું દાન કર્યું.....જયજયકાર ગાજી રહ્યા...
હજારો ભક્તોએ એ આહારદાનનું અનુમોદન કર્યું.

## રાજકોટ પ્રતિષ્ઠા મહોત્સવ : No-10




**શ્રી જિનબિંબ ઉપર અંકન્યાસ-વિધાનનાં દૃશ્યો**
**ગુરુદેવ ભક્તિપૂર્વક જિનબિંબો ઉપર અંકન્યાસના મંત્રો લખી રહ્યા છે.**




**૧૫ વખત પંચકલ્યાણક પ્રતિષ્ઠા દ્વારા આ રીતે ૨૫૦ ઉપરાંત જિનબિંબો ઉપર ગુરુદેવે અંકન્યાસ કરેલ છે.**

No-11



પ્રતિષ્ઠામંડપની વેદી પર બિરાજમાન જિનેન્દ્ર ભગવંતો




જિનમંદિરની વેદી પર પૂ. ગુરુદેવ આદિનાથ પ્રભુને બિરાજમાન કરી રહ્યા છે.

No-12



સમવસરણના ચણતરનો પ્રારંભ થાય છે.

પૂ. બેનશ્રી-બેનના સુહસ્તે પ્રથમ ગઢનું શિલાન્યાસ થાય છે.



સમવસરણની વેદીશુદ્ધિ પ્રસંગે પૂ. બેનશ્રીબેન વિધિ કરી રહ્યા છે.

No-13



નિર્વાણકલ્યાણક પ્રસંગે કૈલાસસિદ્ધક્ષેત્રના પૂજનનું દૃશ્ય



આનંદપૂર્વક પંચકલ્યાણક-પ્રતિષ્ઠા મહોત્સવ પૂર્ણ થયો.

પૂ. ગુરુદેવ સાથે પ્રતિષ્ઠાચાર્ય પં. નાથુલાલજી શાસ્ત્રી તથા ઇન્દ્રો વગેરે

## -: રાજકોટ-પ્રતિષ્ઠા-મહોત્સવઃ-





સમવસરણમાં સીમંધરપ્રભુની પ્રતિષ્ઠાનાં દશ્યો




સમવસરણમાં મુનિસભામાં સ્થિત શ્રી કુંદકુંદાચાર્યદેવ




અત્યંત ભક્તિપૂર્વક કુંદકુંદપ્રભુની સ્થાપનાનું દૃશ્ય

No-16 **રાજકોટ-પ્રતિષ્ઠા-મહોત્સવ: માનસ્તંભમાં જિનબિંબ-સ્થાપન વખતનાં દૃશ્યો**









**૧: ગુરુદેવ માનસ્તંભ ઉપર જઈ રહ્યા છે.**

**૨: સીડી ઉપર અડધે પહોંચ્યા.**

**૩: ઉપર પ્રતિષ્ઠા કરી રહ્યા છે.**


**૪: પ્રતિષ્ઠા કરીને નીચે પધારે છે.**

પંચકલ્યાણક મહોત્સવપૂર્વક શ્રી જિનેન્દ્ર ભગવંતોની પ્રતિષ્ઠા થયા બાદ શાંતિયજ્ઞ કરવામાં આવ્યો હતો. બપોરે ગુરુદેવના પ૬મા પ્રવચન બાદ આભારવિધિ થયો હતો. ને પછી પ્રતિષ્ઠા મહોત્સવની પૂર્ણતાના હર્ષોલ્લાસમાં જિનેન્દ્રદેવની મહાન રથયાત્રા નીકળી હતી. રથયાત્રામાં સૌથી આગળ હાથી ઉપર ધર્મધ્વજ ફરકી રહ્યો હતો....પછી રથ વગેરે અનેક વૈભવ સહિત ધામધૂમથી જિનેન્દ્રદેવની સવારી નગરીમાં ફરી હતી, તે જોવા નગરીની જનતા ઉમટી પડતી હતી. રથયાત્રામાં ભક્તજનો હૃદય ખોલી ખોલીને જિનેન્દ્રભક્તિ કરતા હતા. રથયાત્રા જિનમંદિરે આવતાં ખૂબ જ ભક્તિની ધૂન મચી હતી. રાત્રે સમવસરણ અને માનસ્તંભની સન્મુખના ચોકમાં અજમેર ભજનમંડળીએ ભક્તિ–ભજન વગેરે કર્યા હતા.–જેમાં હજારો ભક્તોએ ભાગ લીધો હતો.

આ રીતે ગુરુદેવના પ્રતાપે પંદરમાં જિનેન્દ્ર–પંચકલ્યાણનો પ્રતિષ્ઠા–મહોત્સવ રાજકોટમાં આનંદોલ્લાસ પૂર્વક ઉજવાયો,–તે ભવ્ય જીવોનું કલ્યાણ કરો. રાજકોટ નગરીમાં આવો પંચકલ્યાણક મહોત્સવ ઉલ્લાસપૂર્વક ઉજવવા માટે રાજકોટસંઘના સર્વે સાધર્મીઓને ધન્યવાદ.

* * *

રાજકોટમાં જિનેન્દ્ર ભગવંતોની પ્રતિષ્ઠા કરીને બીજે દિવસે (વૈશાખ સુદ ૧૩) સવારમાં શ્રી જિનેન્દ્ર ભગવાનના દર્શન અને સ્તવન કરીને પૂ. ગુરુદેવે સોનગઢ તરફ પ્રસ્થાન કર્યું. પૂ. ગુરુદેવ સોનગઢ પધારતાં સોનગઢની સમસ્ત જનતાએ હર્ષોલ્લાસપૂર્વક આનંદભર્યું સ્વાગત કર્યું.....ને સુવર્ણનું વાતાવરણ અધ્યાત્મની મધુર હવાથી મઘમઘી ઊઠ્યું.



# બીજના ચંદ્રની ત્રણ કળા

## સમ્યક્ત્વની બોધિબીજ ત્રણ કળા સહિત ઊગી છે તે વધીવધીને કેવળજ્ઞાનરૂપી સોળ કળાએ ખીલશે

૦૦૦૦૦

### ભેદજ્ઞાન કળાનો અપૂર્વ મહિમા બતાવીને શુદ્ધાત્મઅનુભવનો ઉત્સાહ જગાડનારું વૈશાખ સુદ બીજનું મંગલ-પ્રવચન

ધર્મની અપૂર્વ મંગલ વાત છે. ભેદજ્ઞાનની છીણી વડે અંદર સ્વભાવને અને રાગને જુદા પાડવા તે ધર્મની રીત છે. વિકાર અને સ્વભાવને એક માની રહ્યો છે તે જીવની ભૂલ છે, તે ભૂલ કેમ ટળે? તે બહારની ક્રિયાથી કે રાગના વિકલ્પથી ન ટળે; પણ સ્વભાવ અને પરભાવના વિવેક વડે જ તે ભૂલ ટળે. 'હું શુદ્ધ ચિદાનંદ છું' એમ અંતર્મુખ પરિણતિવડે અનુભવ કરવો, એવી જે જ્ઞાનકળા છે તે જ ભૂલને ટાળવાનો ઉપાય છે, ને તે જ આત્માનો પ્રથમ અપૂર્વ ધર્મ છે.

આત્માએ ચૈતન્યધાતુને નિજસ્વભાવમાં ધારી રાખી છે, વિકારને ધારી રાખ્યો નથી, તેને તો સ્વભાવથી બહાર રાખ્યો છે. જેમ સોનાએ પોતાના પીળાશ વગેરે સ્વભાવોને ધારી રાખ્યા છે, તેમ ચિદાનંદસ્વભાવી આત્માએ પોતાના જ્ઞાનાદિ શુદ્ધસ્વભાવોને ધારી રાખ્યા છે. પણ વિકારને કાંઈ સ્વભાવમાં ધારી રાખ્યો નથી. આવા સ્વભાવને ઓળખતાં અપૂર્વ સમ્યગ્દર્શન અને બોધીબીજ પ્રગટે છે. આ ભેદજ્ઞાનની બીજ જ્યાં ઊગે ત્યાં કેવળજ્ઞાનરૂપી પૂર્ણિમા થયા વિના રહે નહિ. આ ભેદજ્ઞાનરૂપી બીજની લાણી ચાલે છે. ચંદ્ર સોળકળાએ ખીલે તેમ ચૈતન્યસ્વભાવની પ્રતીતરૂપી બીજ પ્રગટયા પછી અનુક્રમે વધતાં વધતાં કેવળજ્ઞાનરૂપી પૂર્ણકળા ખીલે છે.

અમાસ હોય તોપણ ચંદ્રની એક કળા તો ખુલ્લી હોય જ, તે સર્વથા કદી ન અવરાય; એકમે બે કળા ને બીજે ત્રણ કળા–એમ વધીને પૂર્ણિમાએ સોળકળા ખીલે; તેમ ચિદાનંદ– સ્વભાવના સમ્યગ્દર્શનરૂપી બીજ જ્યાં પ્રગટી ત્યાં દર્શન–જ્ઞાન–ચારિત્ર ત્રણેની કળા ભેગી છે, ત્રણેના અંશો ચોથા ગુણસ્થાનથી જ શરૂ થઈ જાય છે; તે વધી વધીને પૂર્ણ કેવળ–

જ્ઞાનરૂપી સોળકળા થતાં સાદિઅનંત ટકી રહે છે. તે મંગળ છે. તેના કારણરૂપ ભેદજ્ઞાનરૂપી બીજ પણ મંગળ છે.

આ ભેદજ્ઞાન તે ધર્મની અપૂર્વ ક્રિયા છે; તે જ ધર્મીનું કાર્ય છે, તેનો જ ધર્મી કર્તા છે. આ ધર્મમાં કર્તા–કર્મ ને ક્રિયા અભિન્ન છે. ક્રિયાના ત્રણ પ્રકાર છે–દેહાદિની ક્રિયાઓ તે જડની ક્રિયા, આત્માથી તદ્ન જુદી છે. પરની ક્રિયા મારી ને રાગાદિ ભાવો મારું સ્વરૂપ–એવી જે મિથ્યાબુદ્ધિ તે જીવની વિકારી–અશુદ્ધ ક્રિયા છે, તે અધર્મ છે. ને પરથી તથા રાગાદિથી ભિન્ન નિજસ્વરૂપમાં અંતમુર્ખ પરિણતિ કરતાં જે શુદ્ધતાના અંશો પ્રગટે તે ધર્મની ક્રિયા છે.

પ્રશ્નઃ– અજ્ઞાનીજીવે ત્રણમાંથી કઈ ક્રિયા કરી છે?

ઉત્તરઃ– અજ્ઞાનીએ વિકારના કર્તાપણારૂપ એક અશુદ્ધ ક્રિયા જ અનાદિથી કરી છે; જડની ક્રિયા તે કદી કરી શકતો નથી ને ધર્મની ક્રિયાને તે ઓળખતો નથી. ભાઈ, તારી સાચી હિતની ક્રિયા તો આ ભેદજ્ઞાન કરવું તે છે. ભેદ પડીને ભાન થાય ને પરિણતિ ફરે ત્યારે ધર્મ થાય.

પ્રશ્નઃ– આવું ભેદજ્ઞાન કરવું તો કઠણ છે?

ઉત્તરઃ– ભાઈ, કઠણ છે પણ અશક્ય તો નથી ને? પ્રયત્નવડે થઈ શકે તેવું છે. માટે અંતર્મુખ અભ્યાસ વડે આવું ભેદજ્ઞાન થઈ શકે છે. કદી તેં સાચો અભ્યાસ અંતરમાં કર્યો નથી. કઠણ વસ્તુ પણ અભ્યાસવડે સાધ્ય થઈ જાય છે. કઠણ પથરા પણ દોરીના સતત ઘસારા વડે ઘસાય છે, તો ચૈતન્યતત્ત્વનો અનુભવ અત્યંત કઠિન હોવા છતાં, સ્વાનુભવના સતત અભ્યાસ વડે તે અનુભવ થાય છે. પણ તે માટે બીજો પ્રેમ છૂટીને ચૈતન્યનો પરમ પ્રેમ જાગવો જોઈએ.

જેને ચૈતન્ય સ્વભાવનો પ્રેમ નથી ને રાગાદિનો પ્રેમ છે, તેને ચૈતન્ય ઉપર ક્રોધ છે, પોતાના ઉપર જ પોતાને ક્રોધ છે. પોતાના સ્વભાવની અરુચિ એનું નામ ક્રોધ. આવો ક્રોધ હોય ત્યાં તો ચૈતન્યનો અનુભવ ક્યાંથી થાય? પણ જેણે રાગની રુચિ છોડીને ચૈતન્યનો પ્રેમ પ્રગટ કર્યો તેને અંતરંગ અભ્યાસ વડે, અત્યંત દુર્લભ એવો ચૈતન્ય અનુભવ પણ સુલભ થઈ જાય છે. ને આવો અનુભવ કરતો તે જ કરવા જેવું છે.

ભાઈ, મહિમા તો સ્વભાવનો હોય કે મહિમા વિકારનો હોય? સ્વભાવનો મહિમા છે. તેના ખ્યાલ વગર તે કઠણ લાગે, પણ તે સ્વભાવનો મહિમા ખ્યાલમાં આવતાં તે તરફનો પુરુષાર્થ ઊપડે છે. અને, અત્યંત કઠણ હોવા છતાં ઉગ્ર પ્રયત્નવડે તે ભેદજ્ઞાન કરે છે. અનંત આત્માઓ આ રીતે ભેદજ્ઞાન કરીને મુક્તિ પામ્યા છે. આ કાંઈ ન થઈ શકે એવું નથી. અપાર મહિમાવંત અને દુર્લભ છે–એ વાત સાચી, પણ સાચા પુરુષાર્થ વડે ભેદજ્ઞાન કરતાં તેની પ્રાપ્તિ જરૂર થાય છે. કેમકે.

**સર્વ જીવ છે સિદ્ધસમ**
**જે સમજે તે થાય.**

સ્વભાવ સમજતાં સિદ્ધપણું પ્રગટવાનો પંથ હાથ આવે છે. પણ જે વિચાર જ ન કરે, સમજવાની દરકાર જ ન કરે તેને અનુભવ ક્યાંથી થાય? સમજણના ઉદ્યમ વડે ભેદજ્ઞાન થતાં અંદર સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર ત્રણેની નિર્મળતાના અંશ સાથે અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે. આવો અનુભવ થતાં મોક્ષમાર્ગ શરૂ થયો. તે અપૂર્વ ધર્મ છે ને તે જ અપૂર્વ મંગળ છે.

આત્મા અતીન્દ્રિય જ્ઞાન ને આનંદસ્વરૂપ છે; તેને ભૂલીને અનાદિથી જે વિકારનો અનુભવ છે તે અનુભવને ખરેખર ભગવાન ‘આત્મા’ કહેતા નથી. આત્મા તો તેને કહેવાય કે જેના વેદનમાં અતીન્દ્રિય જ્ઞાન ને આનંદનો સ્વાદ આવે. જેના વેદનમાં આનંદ ન આવે તેને આત્મા કેમ કહેવાય? શુદ્ધનય તો પરભાવોથી ભિન્ન ને આનંદના અનુભવનશીલ આત્માને પ્રસિદ્ધ કરે છે.

આત્માના અતીન્દ્રિય સુખનું સ્વરૂપ સમજાવવા માટે ચારગતિમાં કોઈ દ્રષ્ટાંત નથી; ચારગતિના વેદનથી ચૈતન્યસ્વભાવના અતીન્દ્રિય સુખનું વેદન કોઈ જુદી જાતનું છે. આત્મા નિત્ય જ્ઞાનાનંદસ્વરૂપ છે; કોઈ જીવને પોતાના પૂર્વભવના સંસ્કારો યાદ આવતા જોવામાં આવે છે. પણ આત્માના આનંદનો અનુભવ તો તેના કરતાંય અંતરની બીજી ચીજ છે. પૂર્વભવનું સ્મરણ થાય તે જુદી ચીજ છે ને સ્વભાવનો અનુભવ થાય તે કોઈ જુદી ચીજ છે. પૂર્વભવનું સ્મરણ કોઈવાર અજ્ઞાનીને ય થાય છે, તેમાં અપૂર્વતા નથી. અપૂર્વતા તો આત્મઅનુભવમાં છે. ધર્મીને જાતિસ્મરણ થાય તેમાં તો પૂર્વભવના ધર્મના સંસ્કાર પણ તાજા થાય, ને વિશેષ જ્ઞાનવૈરાગ્યનું કારણ થાય. દેહથી ભિન્ન ચૈતન્યના અનુભવપૂર્વક દેહથી ભિન્ન જીવન જીવતાં જેને આવડ્યું તેને સમાધિમરણે મરતાં આવડશે. જેણે દેહથી ભિન્ન ભેદજ્ઞાનમય જીવન જાણ્યું નથી તેને દેહ છૂટવા ટાણે સમાધિમરણે મરતાંય નહીં આવડે. દેહમાં એકત્વબુદ્ધિને તો મૃતકકલેવરમાં મૂર્છા કહી છે; દેહમાં મૂર્છાણો એને ચૈતન્યનું જીવન કેવું હોય એની ખબર નથી.

શ્રીફળમાં જેમ સફેદ અને મીઠો ગોળો છાલાંથી તથા કાચલીથી તેમજ રાતપથી જુદો છે; તેમ ચૈતન્યગોળો દેહરૂપી છાલાથી જુદો, કર્મરૂપી કાચલીથી જુદો, ને રાગરૂપી રાતપથી પણ જુદો, અતીન્દ્રિય આનંદથી ભરેલો છે. આવા ઉત્તમ આત્માને જાણવો તે જ ઉત્તમ ફળ છે.

પ્રશ્નઃ– આત્મા શુદ્ધ કઈ રીતે થાય?

ઉત્તરઃ– શુદ્ધસ્વભાવનો અનુભવ કરવાથી જીવ શુદ્ધતાને પામે છે. એ સિવાય રાગદ્વારા આત્મા શુદ્ધતાને પામતો નથી. સ્વભાવને અનુભવનાર જ્ઞાની કહે છે કે અમે જ્યાં ઊભા છીએ તેની જગતને ખબર નથી; અને જગત જે જુએ છે તેમાં અમે ઊભા નથી; જગત બહુ તો બહારની ક્રિયાને કે રાગને જુએ છે, પણ તેમાં તો જ્ઞાનીને સ્વપણું રહ્યું નથી, જ્ઞાનીને જેમાં સ્વપણું છે એવા શુદ્ધતત્ત્વને અજ્ઞાનીઓ જાણતા નથી. જ્ઞાનીની પરિણતિ તો ચૈતન્યપ્રભુ સાથે પરણી, તે હવે બીજા કોઈ સાથે પ્રીતિ નહિ કરે. ચૈતન્યની પ્રીતિ અને લગનીથી તેમાં લીન થઈને કેવળજ્ઞાન અને સિદ્ધપદ પામશે.

# ભગવાનનો અવતાર

**રાજકોટમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા-મહોત્સવ પ્રસંગે ભગવાન આદિનાથના જન્મકલ્યાણક દિવસે ( વૈશાખ સુદ નોમે ) પૂ. ગુરુદેવના પ્રવચનમાંથી.**

આજે પંચકલ્યાણક મહોત્સવમાં ભગવાનનો જન્મકલ્યાણક થયો. અહીં આત્માના અનુભવમાં ભગવાનનો અવતાર કેમ થાય એટલે કે સમ્યગ્દર્શન કેમ થાય તેની વાત છે. અંતરમાં મતિ–શ્રુતને સ્વસન્મુખ કરીને જેણે શુદ્ધઆત્માનો અનુભવ કર્યો તેને નિર્વિકલ્પ અનુભૂતિમાં ભગવાન આત્માનો જન્મ થયો, તેની પરિણતિમાં પ્રભુ પધાર્યા.

આત્મા શુદ્ધ છે, અશુદ્ધ છે–એવા વિકલ્પમાં અટકતાં શુદ્ધ આત્માનો અનુભવ થતો નથી. જે શુદ્ધ આત્મવસ્તુ છે તેને એકપણે અનુભવમાં લેતાં નિર્વિકલ્પતા થાય છે ને પર્યાયમાં ભગવાન આત્માની પ્રસિદ્ધિ થાય છે. ગુણગુણીભેદના આશ્રયે પણ રાગની ઉત્પત્તિ થાય છે. જ્ઞાનસ્વભાવને જ્ઞાનસ્વભાવપણે જ જુઓ તો તે વ્યક્ત અને પ્રગટ જ છે. આવા આત્માને જોવો તેનું નામ શુદ્ધનય છે. આ શુદ્ધનય નિર્વિકલ્પ છે, આ રીતે જોતાં શુદ્ધવસ્તુ દેખાય છે તે શુદ્ધવસ્તુ સર્વે પરભાવોનો ધ્વંસ કરનાર છે, તેના અનુભવમાં પરભાવનો પ્રવેશ જ નથી. શરીરમાં, કર્મમાં કે રાગાદિ પરભાવમાં ભગવાન આત્મા અવતરતો નથી, ભગવાન આત્મા તો શુદ્ધનયરૂપ નિર્મળ જ્ઞાનઘરમાં અવતરે છે. આવો ભગવાનનો અવતાર થાય તે મોક્ષનું કારણ છે.

જુઓ, જે ભગવંતોના પંચકલ્યાણક થાય છે તે ભગવંતોએ પહેલાં આ રીતે શુદ્ધનય– વડે નિજાત્માનો અનુભવ કર્યો હતો, પછી આત્માને પૂર્ણ સાધીને તેઓ તીર્થંકર થયા. એ તીર્થંકરોએ શું કહ્યું ? તે સમજીને સમ્યગ્દર્શનનો જન્મ કેમ થાય, તેની આ વાત છે. પોતાના આત્મામાં અખંડ ચૈતન્યપ્રભુને પ્રગટ અનુભવમાં લેવો તે ખરું કલ્યાણ છે. આવા પોતાના આત્માના ભાન વગર બીજું બધું પરભાવરૂપ છે. ભગવાન આત્માનો સ્વભાવ તો સર્વ પરભાવોનો ધ્વંસ કરનાર છે. આવા આત્માને જેણે અનુભવ્યો તેણે ભગવાનને ઓળખ્યા. અરે, ચૈતન્યના રત્નોથી ભરેલો આ ભગવાન, તેને અજ્ઞાનીઓ તૂચ્છ પરભાવ જેટલો માની લ્યે છે. ભાઈ, ક્ષણમાં કેવળજ્ઞાનની કળા પ્રગટ કરે એવી તાકાત ચૈતન્યસ્વભાવમાં વિદ્યમાન છે. આવી વિદ્યમાનવસ્તુને અનુભવમાં લે એ વસ્તુમાં આઠે કર્મો નથી, તીર્થંકરપ્રકૃતિનાં રજકણો બંધાયેલા પડયાં હોય પણ તેનો ચૈતન્યમાં અભાવ છે; અને રાગાદિ પરભાવોનો પણ એનામાં અભાવ છે. આવા

આત્માને જ્યાં જાણ્યો ત્યાં ધર્માત્માને સર્વે પરભાવનો મહિમા છૂટી ગયો. તે જાણે છે કે મારી ચૈતન્યવસ્તુ વિકારની મેટનશીલ છે, એટલે વિકારને મટાડે એવો એનો સ્વભાવ છે. વિકારને જન્માવે એવી મારી ચૈતન્યવસ્તુ નથી, ક્ષણેક્ષણે પોતાની નિર્મળ પરિણતિરૂપે જન્મે એવો ચૈતન્યવસ્તુનો સ્વભાવ છે. ભગવાન આદિનાથ ફાગણ વદ નોમે જન્મ્યા, ખરેખર તો ભગવાન આદિનાથ ક્ષણેક્ષણે પોતાની નિર્મળ પરિણતિમાં જ ઉપજતા હતા, તે જ ખરો જન્મ હતો, દેહમાં ભગવાન ઉપજ્યા કે મરૂદેવી માતાની કૂંખમાં ભગવાન અવતર્યા એમ કહેવું તે વ્યવહાર છે. અહા, તીર્થંકરનો જ્યાં અવતાર થાય ત્યાં અંધકાર રહે નહિ, જગતમાં પ્રકાશ થઈ જાય; તો જેના અંતરમાં સ્વાનુભૂતિરૂપ સૂર્યના પ્રકાશથી ઝળહળતા ચૈતન્યભગવાનનો અવતાર થયો તેના અંતરમાં અજ્ઞાનના અંધારા કેમ રહે? ત્યાં પરભાવ પણ કેમ રહે? ત્યાં તો જ્ઞાનપ્રકાશથી આત્મા ઝળકી ઊઠયો. અહો, આત્મામાં અમૃતના મેહ વરસે એવી આ વાત છે. વિકારપર્યાયમાં રહેવાનો આત્માનો શુદ્ધસ્વભાવ નથી, પણ વિકારને નાશ કરવાનો આત્માનો સ્વભાવ છે. તથા નિર્મળ જ્ઞાનઆનંદરૂપ પરિણતિ પ્રગટ કરીને તેમાં રહેવાનો આત્માનો સ્વભાવ છે. એને જાણે તો સ્વાનુભવમાં આનંદમય આત્મપ્રભુનો અવતાર થાય ને સંસારના દુઃખરૂપ અવતાર માટે.



દીક્ષાકલ્યાણક–પ્રસંગનું વૈરાગ્ય–પ્રવચન

# ભગવાનનો વૈરાગ્ય

**રાજકોટશહેરમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ-પ્રસંગે ભગવાન શ્રી આદિનાથ પ્રભુના દીક્ષાકલ્યાણક બાદ દીક્ષાવનમાં પૂ. ગુરુદેવનું ભાવભીનું પ્રવચન. ( વૈશાખ સુદ દશમ )**

ભગવાન ઋષભદેવને આત્મજ્ઞાન તો જન્મથી જ હતું; આજે વૈરાગ્ય પામીને ભગવાને દીક્ષા અંગીકાર કરી ને મુનિ થયા. ભગવાન દીક્ષાકલ્યાણકની તૈયારી વખતે બાર વૈરાગ્યભાવના ભાવતા હતા. તીર્થંકરો અને મુનિઓ વારંવાર બાર ભાવના ભાવે છે–ભગવાન ઋષભદેવે પણ આજે દીક્ષાપ્રસંગે બાર ભાવના ભાવી હતી. અહો, ભગવાન આજે બાર ભાવના ભાવીને મુનિ થયા. કેવી ભાવના ભાવી હતી ભગવાને ?

**અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?**
**ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો.**
**સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,**
**વિચરશું કવ મહત્પુરુષને પંથ જો.....**

અહો, અનંતા તીર્થંકરો જે પંથે વિચાર્યા તે પંથે ક્યારે વિચરશું ? ચૈતન્યસ્વરૂપમાં લીન ક્યારે થશું ! એવી ભાવના ધર્મી જીવ વારંવાર ભાવે છે. પણ પહેલાં એવું સ્વરૂપ જાણ્યું હોય તેને જ તેની ભાવના સાચી હોય. ભગવાને તો આજે એવી દશા સાક્ષાત્ પ્રગટ કરી. ચક્રવર્તીઓ પણ વૈરાગ્ય પામીને દીક્ષા લ્યે પાછળ હજારો રાણીઓ વિલાપ કરતી હોય, પણ એ ચક્રવર્તી ( શાંતિનાથ–કુંથુનાથ વગેરે તીર્થંકર ) કાંઈ સ્ત્રીના કારણે સંસારમાં રોકાયા ન હતા, પોતાના રાગને કારણે રોકાયા હતા, તે રાગ તૂટયો ત્યાં હવે કોઈ તેને સંસારમાં રોકી ન શકે. અરે રાણીઓ ! તમારા પ્રત્યેનો અમારો રાગ મરી ગયો છે તેને હવે તમે જીવતો કરી શકો તેમ નથી; જેમ મરેલા મડદાને જીવતા કરીને સ્મશાનેથી પાછા લાવી શકાતા નથી તેમ જેનો રાગ તૂટયો ને વૈરાગ્ય પામીને સંસાર છોડવા તૈયાર થયા તેને કોઈ રોકી શકે નહિ.

અરે, જગતમાં આત્મા સિવાય બીજાું કોણ શરણ છે ? આ દેહાદિ બધા સંયોગો ક્ષણભંગુર છે. જાુઓને, નાચ કરતાં કરતાં દેવીનું આયુષ પૂરું થઈ ગયું.–શ્રીમદ્ રાજચંદ્ર બાર ભાવનાનું વર્ણન કરતાં કહે છે કેઃ–

**વિદ્યુતલક્ષ્મી પ્રભુતા પતંગ,**
**આયુષ તે તો જલના તરંગ,**
**પુરંદરી ચાપ અનંગ રંગ,**
**શું રાચીઓ જ્યાં ક્ષણનો પ્રસંગ ?**

જુઓ, આ અનિત્યભાવના! માતાની ગોદમાં આવ્યા પહેલાં તો શરીર અનિત્યતાની ગોદમાં આવી ગયું છે, પુત્રને માતાએ દેખ્યા પહેલાં જ એનું આયુષ્ય ઘટવા માંડયું છે.–આવી દેહની અનિત્યતા છે. લક્ષ્મીનો સંયોગ વીજળીના ઝબકારા જેવો ક્ષણભંગુર છે, પ્રભુતા એટલે પુણ્યના ઠાઠ, તે પતંગના કાચા રંગ જેવા ક્ષણિક છે, આયુષ્ય તે પાણીના તરંગ જેવું અત્યંત ચંચળ છે, ને કામભોગ તે ઇન્દ્રધનુષ જેવા ક્ષણભંગુર છે; અરે, આવા ક્ષણભંગુર વિષયભોગોમાં શું રાચવું?–આમ સંસારની અનિત્યતા વિચારી, રાગ તોડી ભગવાન નિજસ્વરૂપમાં લીન થવા તૈયાર થયા.

ત્યારે લોકાંતિક દેવો આવીને અનુમોદનાથી કહે છે કેઃ પ્રભો! આપે વૈરાગ્ય પામીને દીક્ષાનો વિચાર કર્યો–એ બહુ સારૂં કર્યું. પ્રભો! આપના વિચાર બહુ સારા છે. આપની ભાવના ઉત્તમ છે. પ્રભો! અહીંથી મનુષ્યભવ પામીને અમે પણ આવી મુનિદશાને જ ઝંખી રહ્યા છીએ. ધન્ય આપનો અવતાર! આપ કેવળજ્ઞાન પામશો ને આપની વાણી જગતના ઘણા જીવોને આત્મહિતનું કારણ થશે. ધન્ય આપનો અવતાર, ને ધન્ય આ મુનિદશા!

ભગવાન તો મુનિ થવા વનમાં ચાલ્યા; અયોધ્યાના નગરજનો આશ્ચર્યથી નીહાળી રહ્યા. અસંખ્યવર્ષોથી આ ભરતક્ષેત્રમાં મુનિદશા ન હતી, આજે દીક્ષા લઈને ઋષભદેવ ભગવાને ભરતક્ષેત્રમાં મુનિમાર્ગ ખુલ્લો કર્યો. ભગવાન તો ચિંતવે છે કેઃ–

અનંતકાળનો આ રાગ છોડીને હવે અમે અમારા સ્વરૂપમાં રહેવા માંગીએ છીએ. અસ્થિરતાનો આ રાગ અમારા કારણે હતો તેથી અમે સંસારમાં રહ્યા હતા, હવે એ રાગ તોડીને અમે અમારા આનંદસ્વરૂપમાં જઈએ છીએ. રાગમાં દુઃખનો અનુભવ હતો તે છોડીને અમે અનંતસુખના ધામ એવા નિજસ્વરૂપમાં ઠરીએ છીએ.

**અનંત સુખ નામ દુઃખ ત્યાં રહી ન મિત્રતા**
**અનંત દુઃખ નામ સૌખ્ય પ્રેમ ત્યાં વિચિત્રતા;**
**ઉઘાડ ન્યાયનેત્રને નીહાળ રે નીહાળ તું,**
**નિવૃત્તિ શીઘ્રમેવ ધારી તે પ્રવૃત્તિ બાળ તું.**

અરે, અનંત સુખનું ધામ એવો આ આત્મા છે. તેમાં ઠર્યે જ સુખ છે, એ સિવાય પરભાવમાં ક્યાંય સુખ નથી. માટે એ પરભાવની પ્રવૃત્તિ છોડ રે છોડ! ને નિજસ્વરૂપમાં ઠર. ભગવાને તો આજે સાક્ષાત્ નિવૃત્તિ લઈને મુનિદશા પ્રગટ કરી. મુનિપણાના આનંદની લહેરમાં ભગવાન ઝૂલતા હતા, તેમાં જરાય દુઃખ ન હતું. છઠ્ઠા ને સાતમા ગુણસ્થાને વારંવાર નિર્વિકલ્પ અતીન્દ્રિય આનંદને ભગવાન અનુભવતા હતા.

તીર્થંકરોને દીક્ષા પહેલાં જાતિસ્મરણ જ્ઞાન થતાં વૈરાગ્યની ધારા એકદમ વધી જાય છે, ને વૈરાગ્યની ધૂનમાં એવા મસ્ત થાય છે કે દીક્ષા લેવાથી કોને આઘાત થાય છે તે જોવા રોકાતા નથી. અરે, અમે કોઈના કારણે સંસારમાં રહ્યા ન હતા; હવે અમે રાગ તોડીને અમારા સ્વરૂપમાં ઠરવા તૈયાર થયા, તેમાં અમને કોઈ રોકી શકે

નહિ. વીતરાગભાવની ધારા ઉલ્લસી તેને સંસારના બંધનમાં કોઈ બાંધી શકે નહિ. આવી વીતરાગધારા ઉલ્લસાવીને ઋષભદેવ ભગવાન આજે મુનિ થયા.

અહીં ભગવાન આદિનાથે દીક્ષા લીધી ને આજે જ ભગવાન મહાવીરપ્રભુને કેવળજ્ઞાન થવાનો દિવસ છે. ભગવાન આજ સર્વજ્ઞપરમાત્મા થયા. આનંદની પ્રાપ્તિ ને અમૃતની તૃપ્તિ પૂર્ણ થઈ ગઈ. આવા સર્વજ્ઞપરમાત્માનો જય હો.

**સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી,**
**આરાધ! આરાધ! પ્રભાવ આણી;**
**અનાથ એકાન્ત સનાથ થાશે,**
**એના વિના કોઈ ન બાંહ્ય સ્હાશે.**

સર્વજ્ઞ ભગવાને કહેલો આત્માનો ધર્મ એટલે કે આત્માનો સ્વભાવ એ જ શરણરૂપ છે એમ જાણીને હે જીવ! તું આદરપૂર્વક એની આરાધના કર. એની આરાધનાનો ઉત્સાહ કર.....ઉત્સાહથી આત્માની આરાધના કર, વીર્યની મંદતા છોડ. હું ક્યારે કેવળજ્ઞાન પ્રગટ કરું–એમ ઉત્સાહ લાવીને આરાધના કર.

અનંતા તીર્થંકરો જે પંથે સિદ્ધ થયા તે જ મારો પંથ છે;–આજે હું એ પંથે જાઉં છું,–આવી ભાવનાથી સિદ્ધભગવંતોને નમસ્કાર કરીને ભગવાન મુનિ થયા, ને આત્મધ્યાનમાં લીન થઈને સાતમું ગુણસ્થાન પ્રગટ કર્યું, ચોથું મનઃપર્યયજ્ઞાન પ્રગટ્યું; ને ભગવાન તો એકાકીપણે વનમાં વિચરવા લાગ્યા. અડોલપણે ચૈતન્યના ધ્યાનમાં ને આનંદના અનુભવમાં મગ્ન રહેતા હતા. અહા, એ મુનિદશાની શી વાત!

**એકાકી વિચરતો વળી સ્મશાનમાં,**
**વળી પર્વતમાં વાઘ-સિંહ સંયોગ જો;**
**અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતા,**
**પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો.**

આવી સાક્ષાત્દશા ભગવાને આજે પ્રગટ કરી. આ દેહ મારો નથી, એ મારે જોઈતો નથી, સિંહ વાઘ આવીને ખાઈ જાય તો તેના ઉપર દ્વેષ ન થાય ને મનમાં ક્ષોભ ન થાય એવી અડોલ આત્મધ્યાનદશામાં ક્યારે લીન રહીએ? જો કે ભગવાન તીર્થંકરને સિંહ વાઘ ફાડી ખાય–એવા પ્રકારનો ઉપદ્રવ હોતો નથી. પણ ગમે તેવા ઉપસર્ગ આવે તોય આત્મધ્યાનથી ન ડગે ને ચૈતન્યના ધ્યાનની શ્રેણીમાં લીન રહીને કેવળજ્ઞાન પ્રગટ કરે એવી દશામાં મુનિ ઝૂલતા હોય છે.

વીતરાગી ચિદાનંદ શીતળ સ્વભાવમાં ભગવાન એકાગ્ર થઈને એવા જામી ગયા કે બહારમાં કોણ પૂજે છે તેનુંય લક્ષ ન રહ્યું. અમૃતનો આખો દરિયો અંદર ભર્યો છે, તેમાં લીન થઈને પરમ આનંદનો ક્ષણેક્ષણે નિર્વિકલ્પ અનુભવ ભગવાન લેતા હતા.

દરેક વ્યક્તિએ આત્મજ્ઞાન કરીને આવી મુનિદશાની ભાવના ભાવવા જેવી છે. આ જીવને પણ આવી ચારિત્રદશા પ્રગટ કર્યા વગર મુક્તિ થતી નથી. મુનિદશા તે મોક્ષની સાક્ષાત્ સાધકદશા છે, તે પરમેષ્ઠીપદ છે.

ભગવાને પૃથ્વીનું રાજ છોડીને દીક્ષા લીધી. તેના વર્ણનમાં શાસ્ત્રકાર અલંકારથી કહે છે કે, હે નાથ! આપના વિયોગમાં આ પૃથ્વી ઉદાસ થઈને રડે છે. પોતાને ભગવાનનો વિરહ છે તેનો આરોપ કરીને કહે છે કે, પ્રભો! આપે દીક્ષા લઈને આ પૃથ્વીને છોડી ત્યાં જગતમાં વૈરાગ્ય છવાઈ ગયો છે! અરે, નદી પણ કલકલ અવાજ કરીને રૂદન કરે છે, આ પૃથ્વી આપના વિયોગે અનાથ બની છે. તે પાણીના પ્રવાહના બહાને કલરવ અવાજ કરીને જાણે રડી રહી હોય–એમ અમને લાગે છે. અને આકાશમાં વાદળાં જોતાં જાણે કે આપના ધ્યાનાગ્નિવડે ભસ્મ થયેલા કર્મોના ધૂમાડાના ગોટા આકાશમાં ઉડતા હોય–એમ લાગે છે. જુઓ, જ્યાં જુએ ત્યાં ભગવાનના ભક્તને ભગવાનની દશા યાદ આવે છે.

કુંદકુંદાચાર્ય ભગવાનના વિરહે સીમંધરનાથના સાક્ષાત્ દર્શન કરવા વિદેહક્ષેત્રે ગયા. અંદર પોતાની સર્વજ્ઞદશાના વિરહમાં સંતો ચૈતન્યમાં લીન થઈને સર્વજ્ઞતાને સાધે છે. આત્મામાં અપાર શક્તિ છે, તેમાંથી સર્વજ્ઞપદ પ્રગટે છે. અહો, એ સર્વજ્ઞપદની ભાવના ભાવવા જેવી છે–

સર્વભાવ જ્ઞાતાદ્રષ્ટા સહ શુદ્ધતા
કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો.

આવી સાદિઅનંત દશાને સાધીને ભગવાન અનંત સુખમાં બિરાજમાન થયા. મુનિ થઈને ભગવાને શું કર્યું? કે અંતરમાં ચૈતન્યસ્વરૂપમાં લીનતા કરીને કેવળજ્ઞાન સાધ્યું. આવા આત્માને ઓળખીને દરેક જીવે એની ભાવના ભાવવા જેવી છે.

જેને જેની લગની લાગી તેના ઉદ્યમમાં તે કાળની મર્યાદા બાંધતો નથી; તેના ઉદ્યમમાં વિલંબ પણ કરતો નથી. ચૈતન્યની લગની કરીને તેની પ્રાપ્તિના ઉદ્યમમાં જે લાગ્યો તે તેને પ્રાપ્ત કર્યે જ છૂટકો. જેની પ્રીતિ લાગી તેની પ્રાપ્તિના પ્રયત્નમાં વિલંબ ન હોય, કે થાક ન હોય, કાળની મર્યાદા ન હોય; ઉત્સાહથી તેના પ્રયત્નમાં પ્રવર્તીને તેની પ્રાપ્તિ કરે જ.

# સર્વજ્ઞનો સન્દેશ

**રાજકોટ શહેરમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા-મહોત્સવ પ્રસંગે ભગવાનશ્રી આદિનાથ પ્રભુના કેવળજ્ઞાનકલ્યાણક બાદ, દિવ્યધ્વનિમાં ભગવાને શું કહ્યું તેના સારરૂપે પૂ. ગુરુદેવનું પ્રવચન.**

**( વૈ. સુદ ૧૧ )**

ભગવાન ઋષભદેવ પરમાત્માને આજ કેવળજ્ઞાન થયું; ઇન્દ્રોએ સમવસરણની રચના કરી; તે સમવસરણમાં ૐ એવા દિવ્યધ્વનિદ્વારા ભગવાને ઉપદેશ આપ્યો. સહજ, ઈચ્છા વિના ભગવાનની દિવ્યવાણી નીકળી, તે વાણીમાં ભગવાને શું કહ્યું ?

આ જીવ નામનો પદાર્થ દેહથી અત્યંત જુદો છે; તેનું શુદ્ધસ્વરૂપ વિકલ્પ વગરનું છે. 'આત્મા શુદ્ધ છે' એવા વિકલ્પથી પણ શુદ્ધતત્ત્વ અનુભવમાં આવતું નથી, માટે એવા વિકલ્પોથી પણ બસ થાઓ.

**એક દેખિયે જાણીએ,**
**રમી રહીએ ઈક ઠોર,**
**સમલ-વિમલ ન વિચારીએ,**
**યહી સિદ્ધિ, નહિ ઔર.**

જુઓ, આ ભગવાને કહેલો મોક્ષમાર્ગ. વિકલ્પવડે આ માર્ગ સધાતો નથી.

મહા આનંદનું ધામ ચૈતન્યસત્તા અંતરમાં છે. તેમાં લીન થઈને ભગવાને કેવળજ્ઞાન સાધ્યું. આવા આનંદધામ આત્માને ઓળખીને તેને એકને જ અનુભવવામાં લીન રહેવું ને બીજા ભેદના વિકલ્પ ન ઉઠવા–તે જ સિદ્ધિ છે, અથવા તે જ ભગવાને કહેલો મોક્ષમાર્ગ છે.

જડથી ભિન્ન વસ્તુ આત્મા, તે જડના કાર્યમાં શું કરે ? જડમાં તો આત્માનું કાંઈ કર્તૃત્વ છે જ નહિ. ને પોતાની અવસ્થા પણ બીજાથી થતી નથી.–આવી સ્વતંત્રતા ભગવાને બતાવી. સ્વતંત્ર વસ્તુ પોતાના અનંત ગુણોથી પરિપૂર્ણ છે. આવી વસ્તુ વિકારને ગમ્ય નથી. ભેદના વિકલ્પથી પણ અગમ્ય એવો આત્મા છે, તે સ્વાનુભવગમ્ય છે.

ભાઈ, તારી સત્ વસ્તુ અંતરમાં જેવી છે તેવી તેં કદી લક્ષમાં લીધી નથી. એ ચૈતન્યવસ્તુના વેદનમાં સાક્ષાત્ અમૃત છે. રાગ તો આકુળતા ને દુઃખ છે. પોતામાં ભેદ પાડીને દ્રવ્ય–ગુણ–પર્યાય વગેરેના વિચારમાં રોકાય તેમાં પણ રાગ છે, આકુળતા છે, ને દુઃખ છે, ત્યાં પરની ચિંતાની વાત તો ક્યાં રહી ? ભેદના વિચારથી પાર થઈને દ્રવ્ય–ગુણ–પર્યાયથી અભેદ વસ્તુને સાક્ષાત્ અનુભવતાં વિકલ્પ મટી જાય છે ને નિર્વિકલ્પ અનુભવરસ અનુભવાય છે. આવા સત્‌ના મંત્રો ભગવાને દિવ્યધ્વનિમાં કહ્યાં છે. આવી વાણી સાંભળતાં અનેક જીવો તેનું રહસ્ય સમજીને આત્માનો અનુભવ પામ્યા. ચાર તીર્થોની સ્થાપના થઈ; ને મોક્ષગતિનો ભરતક્ષેત્રમાં અસંખ્ય વર્ષ બાદ પ્રારંભ થયો.

ભગવાન કહે છે કે, સ્વભાવનો અનુભવશીલી જીવ પરમ સુખી છે. પ્રચુર સ્વસંવેદનરૂપ આત્મવૈભવ મુનિઓને પ્રગટયો છે. સ્વસંવેદનમાં પ્રચુર આનંદના ઊછાળા ઊછળે છે. અહાહા, ધન્ય અવતાર! એના આનંદનો પાર નથી; એ તો જાણે પરમાત્મા, ને ચાલતા સિદ્ધ! મુનિદશાના પરમ આનંદની અજ્ઞાનીને ગંધ પણ નથી, આત્માના અનુભવ વગરનો અજ્ઞાની વિકલ્પના ભારથી એકલો દુઃખી છે. આત્માનો અનુભવ કરવો તે ભગવાનની દિવ્યવાણીનો ઉપદેશ છે. ભગવાન આત્મા અનુભવપ્રત્યક્ષ છે, તેને વિકલ્પ વગરનું ભાવશ્રુત પ્રત્યક્ષ અનુભવે છે. વિકલ્પાત્મક જ્ઞાનવડે તે અનુભવમાં આવતો નથી.

જ્યાં સમ્યગ્દર્શન થયું ને સ્વાનુભવ થયો ત્યાં મોક્ષ તરફ પરિણમન ઢળ્યું એટલે તે મુક્ત જ થાય છે એમ કહ્યું છેઃ ‘शुद्धस्वरूप लक्षण सम्यक्त्वगुणके प्रगट होने पर मुक्त होता है,–ऐसा द्रव्यका परिणाम है’–શુદ્ધસ્વરૂપનો અનુભવ કરતાં જીવવસ્તુ સદાય મુક્તસ્વરૂપ છે એમ અનુભવમાં આવે છે. આવી શુદ્ધવસ્તુને જાણવી, અનુભવવી તે ભગવાનનો ઉપદેશ છે. મુક્તિના પાયાની પહેલી શિલા તો સમ્યગ્દર્શન છે; સમ્યગ્દર્શનરૂપી મંગલસ્તંભ આત્મામાં રોપ્યો તેણે મોક્ષ માટેની તૈયારી કરી. અહો, સમ્યગ્દર્શનના એક ક્ષણના આનંદ પાસે જગતના વૈભવ બધા તૂચ્છ છે, સમ્યગ્દર્શન થતાં આત્મામાં મોક્ષનાં નગારાં વાગ્યા.

ઘણો ધીરો થા.....ધીરો થઈને અંતરમાં જો.....તો તારા આત્મામાં શાંતરસનો સમુદ્ર ભર્યો છે; એ શાંતરસના સમુદ્રમાં ઉદયભાવ રૂપ મેલ નથી; વિકલ્પની આકુળતા તેમાં નથી. આવો પરમ ગંભીર જ્ઞાનસમુદ્ર તેનો અનુભવ વિકલ્પવાળા જ્ઞાનવડે થતો નથી પણ અનુભવજ્ઞાન વડે જ થાય છે. અનુભવજ્ઞાન પણ છે તો શ્રુતજ્ઞાન; પણ જે શ્રુતજ્ઞાન વિકલ્પના વિચારમાં અટકે છે તેમાં તો આકુળતા છે, તેમાં આત્માની શાંતિનો અનુભવ થતો નથી. જ્ઞાન વિકલ્પથી ખસીને આત્મસ્વભાવ તરફ ઢળે એવા આત્મજ્ઞાનવડે નિર્વિકલ્પ આનંદમય આત્માનો સાક્ષાત્ અનુભવ થાય છે. જે શ્રુતમાં આત્માનો અનુભવ નથી તેને વિકલ્પરૂપ દ્રવ્યશ્રુતમાં જ ગણ્યું છે. વિકલ્પ વગરનું જે જ્ઞાન છે તે આત્માને પ્રત્યક્ષ અનુભવે છે, ને તે જ્ઞાનને જ ખરેખર જ્ઞાન કહેવાય છે. આવું જ્ઞાન ઇન્દ્રિયોથી પાર, રાગથી પાર, તેના વડે શુદ્ધઆત્માની અનુભૂતિ પ્રગટ કરવી તે ભગવાનનો માર્ગ છે.

ભગવાનનો માર્ગ સોંઘો પણ છે ને મોંઘો પણ છે; સ્વાનુભવદ્વારા સોંઘો છે. ને વિકલ્પદ્વારા પ્રાપ્ત ન થાય એવો મોંઘો છે. આત્મા નિજસ્વરૂપમાં આવતાં વિકલ્પો શમાઈ જાય છે. આવો અનુભવ ચોથા ગુણસ્થાને ચારે ગતિના જીવો પામી શકે છે. ભગવાનનો ઉપદેશ સાંભળતાં અંતરમાં ઉતરીને અનેક જીવો આવા ધર્મને પામ્યા ને ધર્મવૃદ્ધિ થઈ.

**આત્માના સહજ સ્વભાવમાં વિકારનું કર્તૃત્વ માનીને**

# અ જ્ઞા ની બ લા ત્કા ર કરે છે

**હે જીવ ! તું મોટો પરમાત્મા; તારો સ્વભાવ મોટો ને તારી ભૂલ પણ મોટી; તું જ તારા બળથી તારી ભૂલ તોડ તો તે તૂટે; ભૂલ મોટી ને તે ભૂલ ભાંગીને સમ્યક્ સ્વભાવનું ભાન કરતાં તેનો લાભ પણ ઘણો મોટો છે.**

આત્માનો સ્વભાવ ગંભીર છે, રાગના વિકલ્પથી જેની ગંભીરતાનો પાર ન પમાય, સ્વાનુભવથી જ જેનો પાર પમાય એવો ગંભીર આત્મસ્વભાવ છે. પણ આવા સ્વભાવને ભૂલેલો અજ્ઞાની બલાત્કારથી રાગાદિ પરભાવોનો કર્તા થાય છે. 'બલાત્કારથી કર્તા થાય છે એટલે શું ? કે પોતાના સહજ સ્વભાવમાં તો રાગાદિનું કર્તૃત્વ નથી, છતાં અજ્ઞાનથી બલાત્કાર વડે શુભાશુભભાવોનું કર્તૃત્વ આત્માના સ્વભાવમાં માને છે. સહજ સ્વભાવમાં જે વસ્તુ નથી તેનું કર્તાપણું બલાત્કારથી અજ્ઞાની ઊભું કરે છે.

અરે જીવ ! તારા સહજ સ્વરૂપમાં શું રાગાદિ પરભાવો છે ? ના, તારો સહજ સ્વભાવ તો ચૈતન્યસૂર્ય છે. તેમાં રાગાદિનું કર્તૃત્વ જરાપણ નથી. જ્ઞાનદ્વારા એનું વેદન કરતાં સહજ અતીન્દ્રિય આનંદનું વેદન થાય છે. 'રાગ મારું કાર્ય ને હું જ્ઞાનસ્વરૂપ આત્મા. તે રાગનો કર્તા એવી એકત્વબુદ્ધિરૂપ કર્તૃત્વ વડે આત્માના સહજ આનંદનું વેદન લૂંટાય છે, એટલે તે કર્તૃત્વબુદ્ધિથી આત્મા ઉપર બલાત્કાર થાય છે; એના સ્વભાવમાં જે નથી તે પરાણે (અજ્ઞાનથી) તેમાં ઘૂસાડવું–તે બલાત્કાર છે, તેમાં આકુળતા છે, દુઃખ છે, સંસાર છે.

આત્મા પરથી અત્યંત છૂટો, કર્તૃત્વની ઉપાધિ વગરનો છે, છતાં અજ્ઞાની તેના ઉપર પરાણે પરાણે પરના કર્તૃત્વનો આરોપ નાંખે છે. અરે, પરથી તદ્ન જુદો, સહજ સ્વભાવ, તેમાં વળી જ્ઞાન સિવાય બીજા શેનું કર્તૃત્વ હોય ? જ્ઞાનકાર્યમાં ભેગું વિકારનું કાર્ય ક્યાંથી આવી ગયું ? ને પરનું કાર્ય તેનામાં કેવું ? ભાઈ, તારા આત્માને આવી કર્તૃત્વબુદ્ધિથી છોડાવ, ને શુદ્ધજ્ઞાનની ભાવના કર. હું તો શુદ્ધજ્ઞાન છું, મારા શુદ્ધજ્ઞાનમાં વિકાર સાથે તન્મયતા નથી ને પર સાથે સંબંધ નથી; –આવા આત્માને જ્યાંસુધી જીવ નથી જાણતો ત્યાંસુધી ઊંધાઈથી વિકારના કર્તૃત્વપણે પરિણમતો થકો અજ્ઞાની રખડે છે; પોતે જ પોતાના આત્મા ઉપર બલાત્કાર કરીને પોતાને દુઃખી કરી રહ્યો છે.

અરે પ્રભો ! તું ચૈતન્યમૂર્તિ શુદ્ધ આત્મા.....અને.....વિકારના કર્તૃત્વમાં રોકાઈ

જા.....તેમાં તને શરમ નથી લાગતી? વિકારની લાગણીમાં તન્મયતા વડે તારા આખા ચૈતન્યરત્નાકરને તું ઢાંકી રહ્યો છે. નિર્મળ ચેતના પરિણતિરૂપે પરિણમીને તેનો કર્તા થાય ને અતીન્દ્રિય આનંદને ભોગવે એવો તારા આત્માનો સ્વભાવ, તેના ઉપર બલાત્કારથી તું તેને વિકારના કર્તૃત્વમાં રોકી રહ્યા છે ને દુઃખ ભોગવી રહ્યો છે. હવે એ મિથ્યાબુદ્ધિ છોડ.....છોડ! ને વિકારથી ભિન્ન જ્ઞાનસ્વરૂપને દેખ.

જેનામાં જે વસ્તુ ન હોય તે પરાણે ઊભી કરવી–એનું નામ બલાત્કાર છે; આત્મવસ્તુના સ્વભાવમાં જ્ઞાન–આનંદની મીઠાશ છે; વિકાર આત્મવસ્તુના સ્વભાવમાં નથી, છતાં અજ્ઞાનથી તેમાં વિકારનું કર્તાપણું માનીને અજ્ઞાની બલાત્કારથી વિકારનું કર્તૃત્વ ઊભું કરે છે. જ્ઞાની સ્વભાવના બળપૂર્વક એ વિકારના કર્તૃત્વને છોડે છે. એક માણસ ચોકખો હોય–નિર્દોષ હોય ને તેને કોઈ કહે કે ના, તારામાં કલંક છે, એમ પરાણે કલંક નાખે તો તે બલાત્કાર છે; તેમ ચિદાનંદ સ્વભાવ શુદ્ધ, કલંક વગરનો છે, તે સ્વભાવને ન સ્વીકારતાં અજ્ઞાની કહે છે કે એમાં વિકારનું કર્તૃત્વ છે, એમ પરાણે મિથ્યાબુદ્ધિથી આત્માના સ્વભાવમાં વિકારના કર્તૃત્વનું કલંક નાંખે છે તે બલાત્કાર છે, પોતે પોતાના આત્મસ્વભાવ ઉપર બલાત્કાર કરે છે, ને તેથી સંસારમાં રખડીને દુઃખી થાય છે.

જેમ મૃગજળમાં–ઝાંઝવામાં જળ ન હોવા છતાં મૃગલા અજ્ઞાનથી તેને જળ માનીને પીવા દોડે છે; એ મૃગની તૃષા કયાંથી મટે? ને તેને ક્યાંથી શાંતિ થાય? તેમ વિકારીભાવો તે ઝાંઝવાના જળ જેવા છે, તેમાં ચૈતન્યની શાંતિ ન હોવા છતાં અજ્ઞાની જીવ મૃગલાંની માફક અજ્ઞાનથી તેમાં શાંતિ માનીને તેના કર્તૃત્વમાં ધસે છે, પણ વિકારના કર્તૃત્વમાં ચૈતન્યની શાંતિ ક્યાંથી મળે? અરે ભાઈ, વિકારમાં તારી શાંતિ કેવી? તારા આત્માને એના કર્તૃત્વમાં તું ન રોક, મૃગજળમાંથી જો મૃગલાને પાણી મળે ને તૃષા છીપે તો વિકારમાંથી તને શાંતિ મળે! વિકારમાંથી તું પરાણે શાંતિ લેવા માંગીશ પણ એમાં શાંતિ છે જ નહિ, એના કર્તૃત્વમાંથી તને કદી શાંતિ મળવાની નથી! શાંતિનું ધામ તારું ચૈતન્યતત્ત્વ છે, એમાં વિકારના કર્તૃત્વની ગંધ પણ નથી. આવા સ્વભાવનું સેવન કર તો અપૂર્વ સમ્યકત્વાદિરૂપ શાંતિ મળે, ને આકુળતા ટળે.

જ્યાં પાણી નથી ત્યાં ભ્રમથી મૃગલા દોડે છે, તેમ જેમાં શાંતિ નથી એવા પરભાવમાં અજ્ઞાની ભ્રમથી હિત માને છે. ભાઈ, વિકારી ભાવ તો ઝેર છે, તારો સ્વભાવ તો અમૃત છે; તેને બદલે એ વિકારભાવનું કર્તૃત્વ સ્વભાવમાં માનીને તું તારા અમૃતસ્વભાવને ઝેરરૂપ માને છે, એ મોટો બળાત્કાર છે. અરે જીવ! સ્વભાવ અને પરભાવનો ભેદ પાડ! તું પરમાત્મા મોટો, તારો સ્વભાવ મોટો અને તારી ભૂલ પણ મોટી, તું જ તારા બળથી તારી ભૂલને તોડ તો તે તૂટે. ભૂલ મોટી ને તે ભૂલ ભાંગીને સમ્યક્સ્વભાવનું ભાન કરતાં તેનો લાભ પણ ઘણો મોટો છે. ભૂલ ભાંગતા ચૈતન્યના અપાર અમૃત સાક્ષાત્ અનુભવમાં આવે છે.

(કલશટીકા–પ્રવચન)

## સમ્મેદશિખર સંબંધમાં ભારતભરના દિ૦ જૈનોનું

# અભૂતપૂર્વ સરઘસ

સમ્મેદશિખર–જૈનોનું મહાન તીર્થ, જેને સમસ્ત જૈનો પરમભક્તિથી સદાકાળ પૂજતા આવ્યાછે, તેના સંબંધમાં બિહાર સરકારે શ્વેતાંબરસમાજ સાથે જે એકપક્ષી અનુચિત કરાર કરેલ છે, તેનો ભારતભરના દિગંબર જૈનસમાજમાં અત્યંત વિરોધ છે. આ વિરોધ પ્રદર્શિત કરવા તા. ૩–૫–૬૫ ના રોજ દિલ્હીમાં દિ૦ જૈનસમાજનું એક સરઘસ લાલકિલ્લાથી શરૂ થઈને વડાપ્રધાન શ્રી લાલબહાદુરજી શાસ્ત્રીના નિવાસસ્થાને ગયું હતું. આ અભૂતપૂર્વ સરઘસમાં ભારતભરમાંથી એક લાખ ઉપરાંત દિ૦ જૈનોએ ભાગ લીધો હતો. જૈનોનું આવું વિશાળ અને શાંત સરઘસ દિલ્હીના ઈતિહાસમાં પ્રથમ જ હતું. સમ્મેદશિખરજી સંબંધી જયઘોષ કરતું તથા હજારો ઝંડા અને ચિત્રો વગેરે સહિત સરઘસ શાસ્ત્રીજીના નિવાસસ્થાને પહોચ્યું, ત્યાં દિ૦ જૈનોના ૫૦ જેટલા આગેવાન પ્રતિનિધિઓએ શાસ્ત્રીજીને મળીને નિવેદન આપ્યું. શાસ્ત્રીજીએ આ સંબંધી તપાસ કરીને અન્યાયની સ્થિતિ દૂર કરવાનું વચન આપ્યું હતું. આ સંબંધમાં દિલ્હીના પ્રસિદ્ધ દૈનિક "નવભારત ટાઈમ્સ" માં જે રિપોર્ટ છપાયેલા છે તે અહીં ( जैनमित्र માંથી ] સાભાર ઉધ્ધૃત કરીએ છીએ.

## सम्मेदशिखर क्षेत्रपर किसी एक जैन समुदायका हक नही प्रधानमन्त्रीसे दिगम्बर जैनियोंका आग्रह

"नई दिल्ली, ३ मई। प्रधानमन्त्री श्री लालबहादूर शास्त्रीने एक प्रतिनिधि मंडलको आश्वासन दिया है कि प्रसिद्ध जैन तीर्थ सम्मेदशिखरके सम्बन्धमें बिहार सरकार द्वारा श्वेताम्बर समाजके साथ किये गये करारसे दिगम्बर जैन समाजके प्रति अन्यायकी जो स्थिति पैदा हो गयी है उसकी जांच की जायगी और उसे दूर किया जायगा।

प्रतिनिधि मंडलने श्री शास्त्रीजीको एक स्मरणपत्र पेशकर बताया कि पारसनाथ पहाड [ सम्मेदशिखर ] दिगम्बर जैनियोंका सर्वोत्कृष्ट तथा सर्वाधिक पावन तीर्थक्षेत्र है। बिहार सरकारसे एक तरफा करार कराके इसका नियंत्रण श्वेतांबर जैन समाजको देने से देशके कई लाख दिगम्बर जैनियोंमें भारी क्षोभ पैदा हो गया है और उनके धार्मिक अधिकारोंको ठेस पहुंची

है। प्रतिनिधि मंडलने प्रधान मंत्रीसे अनुरोध किया कि वे स्वयं इस मामलेमें हस्तक्षेप करें और दि० जैन समाजके प्रति हुए अन्यायको दूर करायें।

स्मरणपत्र अखिल भारतीवर्षीय दिगम्बर जैन तीर्थक्षेत्र रक्षा कमेटीके अध्यक्ष, प्रसिद्ध उधोगपति श्री साहू शान्तिप्रसाद जैनने दिया। प्रतिनिधि मंडलमें आपके अतिरिक्त मणिपुर, मध्यप्रदेश आदिसे आये अनेक प्रतिष्ठित व्यक्ति शामिल थे।

## विशाल जुलूस

बिहार सरकार द्वारा किये गये एकतरफा कराकके प्रति अपना रोष व्यक्त करनेके लिय आज सुबह एक लाखसे अधिक दि० जैनोंने ऐतिहासिक लालमंदिरसे एक जुलूस निकाला जो छः मीलका मार्ग तय करके जनपथ पर प्रधानमन्त्रीके निवासस्थान तक गया। लगभग ढाई मील लन्बे उस जुलूसमें देशके अनेक भागोंसे आये हुए व्यक्ति थे।

## दोनों वर्गोका हक

जुलूसमें महिलाओ और बचोंकी भी बडी तादाद थी। जुलूसमें भाग लेनेके लिये पिछली एक रातमें ही लगभग पांच सौ बस बाहरसे आयी। अनेक व्यक्ति तो सुबह बसों और रेलगाडीसे उतर कर सीधे जुलूसमें शामिल हो गये। जुलूसके आगे मोटर साइकिल सवार थे और उनके पीछे देशके दिगम्बर जैन समाजके गण्यमान्य व्यक्ति थे। जुलूस सुबह सात बजे रवाना हुआ। साढे नौ बजे प्रधानमन्त्रीके निवासस्थान पर पहुंचा। प्रधानमंत्रीको बताया गया कि हजारों वर्षोसे सम्मेदशिखर तीर्थ क्षेत्रमें प्रत्येक जैन पूजा–आराधना करता आया है और दिगम्बर जैनोंके लिए यह स्थान विशेषरुपसे पावन तथा आराध्य है। प्रतिनिधियोंने श्री शास्त्रीको बताया कि १९२६ में प्रिवीकौंसिलने भी ईस स्थान पर दि० जैन समाजके अधिकारको स्वीकार किया था।

न्यायाधीशने अपने निर्णयमें कहा था कि यदि श्वेतांबर जैन समाजने कुछ जैनतीर्थोंका जीर्णोद्धार कराया तो ईसका मतलब यह नहीं हो जाता कि उस पर केवल उनका ही अधिकार होना चाहिए। सम्मेदशिखर तीर्थ प्रत्येक जैनके लिये तीर्थ स्थल है जिस पर एक वर्गका नियन्त्रण नहीं हो सकता।"

**આપણે આશા રાખીએ કે શ્વેતાંબર સમાજના આપણા જૈનબંધુઓ પણ આ સંબંધમાં ઉચિત અને ગૌરવભર્યું વલણ અપનાવીને, બિહારસરકાર સાથેના કરારમાં સમસ્ત જૈનસમાજને સંતોષ થાય એવો સુધારો કરાવવામાં સહકાર આપશે ને એ રીતે જૈન સમાજમાં સંપ અને ગૌરવ જાળવવામાં સાથ આપશે.**

**"जय सम्मेदशिखर"**

**બ્ર૦ હ. જૈન**

# વિવિધ વચનામૃત

( આત્મધર્મનો ચાલુ વિભાગ, લેખાંક ૯ )

( વિવિધ વચનામૃતનો આ વિભાગ પ્રવચનોમાંથી, શાસ્ત્રોમાંથી તેમજ રાત્રિચર્ચા વગેરે વિવિધ પ્રસંગો પરથી તૈયાર કરવામાં આવે છે. )

## ( ૧૪૮ ) ધર્મી જીવ

ધર્મીજીવ અંતરઅનુભવથી પોતાના સ્વભાવને દેખીને પરમ પ્રસન્ન થાય છે. ચેતન્યના અનુભવની ખુમારી એના ચિત્તને બીજે ક્યાંય લાગવા દેતી નથી. સ્વાનુભવના શાંતરસથી તે તૃપ્ત તૃપ્ત છે. ચૈતન્યના આનંદની મસ્તીમાં તે એવા મસ્ત છે કે હવે બીજું કાંઈ કરવાનું રહ્યું નથી.

## ( ૧૪૯ ) એકત્વમાં પરમસુખ

હું જ જ્ઞાન–દર્શન–ચારિત્ર છું, હું જ મોક્ષ છું, હું જ સુખ છું; મારો સ્વભાવ વૃદ્ધિગત છે, પરભાવનો મારામાં પ્રવેશ નથી. હું મારા ચૈતન્યવિલાસસ્વરૂપ છું. ચૈતન્યમાં બીજા કોઈની ચિન્તા નથી.–આમ ધર્મી જીવ પરથી ભિન્ન પોતાના એકત્વસ્વરૂપને ચિંતવે છે. એકત્વ ચૈતન્યના ચિંતનમાં પરમસુખ છે.

## ( ૧૫૦ ) આનંદ

સ્વાનુભૂતિનો આનંદ એ જ જગતમાં સર્વોત્કૃષ્ટ ઉપાદેય છે. અત્યંત મધુર જે ચૈતન્યરસનો સ્વાદ, એ સ્વાદ જેવો આનંદ જગતના કોઈ પદાર્થમાં નથી. આવો આનંદ બતાવીને સંતો કહે છે કે આજે જ તમે આનો અનુભવ કરો, આવા આનંદને હમણાં જ અનુભવો.

## ( ૧૫૧ ) શૂરવીરો મોક્ષને સાધે છે.

હે જીવ ! શૂરવીર થઈને સ્વભાવનું વેદન કર.....ને પરભાવને ભગાડ. જેમ સિંહ ત્રાડ પાડે ત્યાં જંગલના પશુડાં ભાગે તેમ ચૈતન્યસિંહ નિજસ્વરૂપને સંભાળતો સ્વવીર્યથી જાગ્યો ત્યાં પરભાવો ભાગે છે. સ્વભાવના સ્વાદમાં પરભાવોનો અભાવ છે. જે પરભાવમાં અટકીને સ્વભાવને ભૂલ્યો તે શૂરવીર નથી; જેણે પરભાવને દૂર કરીને સ્વભાવમાં પ્રવેશ કર્યો તે શૂરવીર છે. આવા શૂરવીરો જ બંધનને તોડીને મોક્ષને સાધે છે.

## ( ૧૫૨ ) આરામનું ધામ

આનંદથી ભરેલો આત્મા, એ જ ધર્મીનું ક્રીડાવન છે, ચૈતન્યબાગ ખીલ્યો તેમાં ધર્મીજીવ કેલિ કરે છે.; શાશ્વત જેનો પ્રતાપ છે એવો

આત્મા ધર્મીને સ્વસંવેદનપ્રત્યક્ષથી પ્રગટ થયો છે. અડોલ, સૌથી મહાન, અને અતીન્દ્રિય સુખથી ભરપૂર આત્મા સમ્યગ્દર્શન થતાં જ પ્રગટ અનુભવાય છે. સ્વાનુભવમાં પ્રગટેલો આવો આત્મા જ આરામનું ધામ છે; એના વગર બીજે ક્યાંય આરામ હરામ હૈ.

## ( ૧૫૩ ) ઉત્તમવસ્તુ

ત્રણલોકમાં સૌથી ઉત્તમ મહિમાવંત પોતાનો આત્મા છે, તેને તું ઉપાદેય જાણ; એ મહાસુંદર ને સુખસ્વરૂપ છે. આત્માનો આટલો બધો મહિમા કહ્યો તે જેમ છે તેમ કહ્યો છે, કાંઈ વધારીને નથી કહ્યું, વધુ પડતી મહત્તા નથી કરી, પણ સાક્ષાત્ એવી મહત્તા છે જ, તે બતાવી છે. જગતમાં સર્વોત્કૃષ્ટ આવા આત્માને તું સ્વાનુભવગમ્ય કર. તારો આત્મા જ તને આનંદરૂપ છે, કોઈ પરવસ્તુ તને આનંદરૂપ નથી. આત્મામાં આવો આનંદ જેણે અનુભવ્યો છે તે ધર્માત્માનું ચિત્ત બીજે ક્યાંય ઠરતું નથી, ફરીફરીને આત્મા તરફ જ વળે છે. આત્માનું અસ્તિત્વ જેમાં નથી, આત્માનું જીવન જેમાં નથી તેમાં ધર્મીનું ચિત્ત કેમ ચોંટે ? પોતામાં જે આનંદ અનુભવ્યો છે તેમાં જ તેનું ચિત્ત ચોટયું છે.

# વૈરાગ્ય સમાચાર

* સોનગઢના ભાઈશ્રી કપુરચંદ હીરાચંદ ( મોઢ સેનેટેરિયમવાળા ) ગતમાસમાં હાર્ટફેઈલથી સ્વર્ગવાસ પામી ગયા.


* બાબરાના વકીલ નરભેરામ છગનલાલ ગતમાસમાં હાર્ટફેઈલથી સ્વર્ગવાસ પામી ગયા.

* કિસનગઢના શેઠશ્રી મગનમલજી પાટની ( શ્રી નેમિચંદભાઈ પાટનીના પિતાજી ) આગ્રા મુકામે તા. ૫–૫–૬૫ ના રોજ સ્વર્ગવાસ પામી ગયા.

* રાયપુરમાં ભાઈશ્રી બાલુભાઈ ( મોટા આંકડિઆવાળા ) તા. ૨૬–૫–૬૫ના રોજ હાર્ટફેઈલથી સ્વર્ગવાસ પામી ગયા. તેઓ ગત માસમાં જ સોનગઢ આવેલા ને આંકડિઆના જિનમંદિર માટે રૂા. ૧૧૦૦૧ ) જાહેર કર્યા હતા. રાજકોટમાં ગુરુદેવના સ્વાગત વખતે પણ તેઓ આવેલ હતા, ત્યારબાદ રાયપુર ગયેલા, ત્યાં અચાનક સ્વર્ગવાસ પામી ગયા.

આ અશરણ ને ક્ષણભંગુર સંસારમાં પરમ શરણરૂપ એવા વીતરાગી દેવગુરુધર્મના આશ્રય વડે દરેક જીવ આત્મહિત પામે.......એ જ ભાવના.

No-17



ગુરુદેવ માનસ્તંભના કળશ ઉપર સ્વસ્તિક કરી રહ્યા છે.



માનસ્તંભ ઉપર પ્રતિષ્ઠા પછી ભક્તો અર્ઘ ચડાવી રહ્યા છે.

# શ્રુતદાતાર સન્તોને નમસ્કાર





ભગવંત સંતોએ કહેલાં શ્રુત અતીન્દ્રિય આત્મસુખની રુચિ કરાવીને બાહ્યવિષયોથી વિરક્તિ કરાવેશ્રુત છે. પંચમી (જેઠ સુદ પાંચમ) એ જ્ઞાનની અખંડ આરાધનાનો પવિત્ર દિવસ છે. ભગવાન તીર્થંકરદેવની વાણીની અચ્છિન્નધારા પરમ દિગંબર સંતોએ ટકાવી રાખી છે; એ વાણી સિદ્ધસ્વરૂપી શુદ્ધઆત્માનું પ્રકાશન કરે છે. અંતરમાં સિદ્ધપદને સાધતાં સાધતાં ભાવશ્રુતધારક સંતોએ ભગવાનની વાણી ઝીલીને દ્રવ્યશ્રુતની પરંપરા પણ ટકાવી રાખી છે.


અંતર્મુખ થઈને ગિરિગૂફામાં જેઓ સ્વાનુભવ વડે ચૈતન્યનું આરાધન કરતા હતા એવા સંતોએ, ષટ્ખંડાગમરૂપે ભગવાનની જે વાણી સંઘરી તેના બહુમાનનો મોટો મહોત્સવ આ શ્રુતપંચમીના દિવસે અંકલેશ્વરમાં ઉજવાયો હતો. નમસ્કાર હો એ શ્રુતને અને શ્રુતપરિણત સન્તોને.


No-19

## ચાર ઓર દેખલો..... ભીડ બેસુમાર હૈ....



પ્રતિષ્ઠા પ્રસંગે જિનમંદિરની અગાશીમાં તથા ચોકમાં હજારો ભક્તોની ભીડનાં દૃશ્યો.





વૈશાખ સુદ બીજના પ્રવચનમાં પ્રસન્નતાપૂર્વક ગુરુદેવ કહે છે કે ભેદજ્ઞાનરૂપી બીજ ઊગી તે ત્રણકળા સહિત છે, અને તે વધી વધીને ૧૬ કળાએ પૂર્ણ કેવળજ્ઞાનરૂપે ખીલી જશે. હજારો શ્રોતાઓ એ વાતને હર્ષથી વધાવે છે.